વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ પાંચમ • તારીખ : ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર • વર્ષ : ૧૫ • અંક : ૫૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



**સંસદની કાર્યવાહી નવા સંસદભવનમાં શરૂ :** વડાપ્રધાન મોદીએ જૂના બિલ્ડિંગના વિદાય સમારોહ પર સેન્ટ્રલ હોલમાં સંબોધન કર્યુલ આપી હતી અને પુષ્પાંજલિ અર્પણ કરી

# મોદીએ મહિલા આરક્ષણને બિલને નારી શક્તિ વંદન એક્ટ નામ આપ્યું

## વડાપ્રધાને દેશવાસીઓને, તમામ સાંસદો અને સહયોગીને મિચ્છામી દુક્કડમ પાઠવી કહ્યું આ દિવસ ક્ષમા કરવાનો છે ત્યારે જૂના કડવી યાદોને ભૂલાવીને આગળ વધવાનું છે

। નવી દિલ્હી,તા.૧૯ ।

સંસદના વિશેષ સત્રનો આજે બીજો દિવસ છે. આજથી સંસદની કાર્યવાહી નવા સંસદભવનમાં શરૂ કરવામાં આવી છે. જૂના સંસદભવનથી નવા સંસદભવન સુધી વડાપ્રધાન મોદી સહિતના તમામ સાંસદો પગપાળા જતા જોવા મળ્યા હતા. પીએમ મોદી દ્વારા કાર્યવાહી શરુઆત પહેલા પીએમ મોદીએ નવા સંસદભવનમાં પહેલું સંબોધન કર્યું હતું. નવા સંસદમાં પીએમ મોદીએ પ્રથમ સંબોધનની શરૂઆત કહ્યું કે, આજે ગણેશ ચતુર્થી અને સંવત્સરીના પાવન દિવસે નવા સદનમાં નવી શરૂઆત સંદર્ભે મારી દેશવાસીઓને, તમામ સાંસદો અને સહયોગીને મારા તરફથી મિચ્છામી દુક્કડમ! આ દિવસ ક્ષમા કરવાનો છે ત્યારે જૂના કડવી યાદોને ભૂલાવીને આગળ વધવાનું છે. મળતી માહિતી અનુસાર આજે નવા સંસદભવનની શરુઆતના દિવસે મહિલા અનામત બિલ રજૂ થઈ શકે છે. વડાપ્રધાન મોદીએ આ મામલે બોલતા જણાવ્યું કે, અટલજીના કાર્યકાળમાં ઘણી વખત મહિલા અનામત બિલ રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ અમે તેને પસાર કરવા માટે ડેટા એકત્ર કરી શક્યા નહીં અને તેના કારણે સપનું અધૂરું રહી ગયું. ભગવાને મને મહિલાઓના સશક્તિકરણ અને તેમની શક્તિને આકાર આપવાનું કામ કરવા માટે પસંદ કર્યો છે. પીએમ મોદીએ મહિલા આરક્ષણને બિલને 'નારી શક્તિ વંદન એક્ટ' નામ આપ્યું છે.

આજે નવી સંસદ ભવનમાં આપણે બધા નવા ભવિષ્યના શ્રી ગણેશની કરવા જઈ રહ્યા છીએ. આ ક્ષણ આપણને ભાવુક કરે એવી છે અને આપણી ફરજ માટે પ્રેરણા પણ આપી છે. અહીં ૧૯૪૭માં બ્રિટિશ સરકારે સત્તા સ્થાનાંતરિત કર્યું હતું, આ સેન્ટ્રલ હોલ તેનો સાક્ષી રહ્યો છે.

આ સેન્ટ્રલ હોલ આપણી લાગણીઓથી ભરેલો છે. વિદાય આપતા સમયે પીએમ મોદીએ કહ્યું કે- આ સ્થાનની ગરિમા ઓછી ન થવી જોઈએ. તે માટે હવે તેને સંવિધાન સદન નામેથી ઓળખાશે.

### સંસદના વિશેષ સત્રનો આજે બીજો દિવસ

# જૂના સ્થાનની ગરિમા ઓછી ન થવી જોઈએ, હવે તેને સંવિધાન સદન નામેથી ઓળખાશે : મોદી

સંસદના વિશેષ સત્રનો આજે બીજો દિવસ છે. આજથી સંસદની કાર્યવાહી નવા સંસદભવનમાં શરુ થશે. આ પહેલા જૂના સંસદભવન પાસે તમામ સાંસદોનું ફોટોસેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંધારણની નકલ સાથે નવી ઈમારતમાં પહોંચશે. આ પહેલા વડાપ્રધાન મોદીએ જૂના બિલ્ડિંગના વિદાય સમારોહ પર સેન્ટ્રલ હોલમાં સંબોધન કર્યું હતું.



આજે નવી સંસદ ભવનમાં આપણે બધા નવા ભવિષ્યના શ્રી ગણેશની કરવા જઈ રહ્યા છીએ. આ ક્ષણ આપણને ભાવુક કરે એવી છે અને આપણી ફરજ માટે પ્રેરણા પણ આપી છે. અહીં ૧૯૪૭માં બ્રિટિશ સરકારે સત્તા સ્થાનાંતરિત કર્યું હતું, આ સેન્ટ્રલ હોલ તેનો સાક્ષી રહ્યો છે. આ સેન્ટ્રલ હોલ આપણી લાગણીઓથી ભરેલો છે. વિદાય આપતા સમયે પીએમ મોદીએ કહ્યું કે- આ સ્થાનની ગરિમા ઓછી ન થવી જોઈએ. તે માટે હવે તેને સંવિધાન સદન નામેથી ઓળખાશે.સંસદને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શાહબાનો કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે- અહીં ચાર હજારથી વધુ કાયદા પસાર કરવામાં આવ્યા હતા. આ જ સંસદમાં મુસ્લિમ બહેનો અને દીકરીઓની ન્યાયની રાહ હતી તે શાહબાનો કેસને કારણે ગાડી અલગ પાટા પર જતી રહી હતી. આ સંસદે આપણીએ ભૂલને સુધારી છે. પીએમ મોદીએ જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં કહ્યું, ભારત હવે અટકવાનો નથી. આપણે જૂના કાયદામાંથી છૂટકારો મેળવીને નવા કાયદા તરફ આગળ વધી રહ્યા છીએ. સંસદમાં બનેલો દરેક કાયદો ભારતના નાગરિકો માટે હોવો જોઈએ. આપણે જે પણ સુધારા કરીએ તેમાં ભારતનો પણ સમાવેશ થવો જોઈએ. ૧૯૫૨ પછી, વિશ્વના લગભગ ૪૧ રાજ્યોના વડાઓ સેન્ટ્રલ હોલમાં આવ્યા અને આપણા સંસદસભ્યોને સંબોધિત કર્યા. હિન્દુસ્તાન એક યુવા દેશ છે.







## જૂના સંસદ ભવન પર સાંસદોનું ગ્રુપ ફોટો સેશન યોજાયું

આજે નવા સંસદભવનમાં વિશેષ સત્રની શરુઆત થતા પહેલા દેશભરના સાંસદો જૂના સંસદભવન પહોંચ્યા હતા જ્યાં સાંસદોનું ફોટો સેશન કરવામાં આવ્યું હતું. સંયુક્ત ફોટોસેશન માટે વડાપ્રધાન સહિતના રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને અન્ય સાંસદો આજના સંસદ સત્ર પહેલાં સંયુક્ત ફોટો સેશન માટે એકઠા થયા હતા. સંયુક્ત ફોટોસેશનમાં ત્રણ અલગ-અલગ ગ્રુપમાં ફોટા પાડવામાં આવ્યા હતા.

## સાંસદોના ફોટો સેશનમાં નરહરિ અમીન બેહોશ થઈ ગયા



આજે નવા સંસદભવનમાં વિશેષ સત્રની શરુઆત થતા પહેલા દેશભરના સાંસદો જૂના સંસદભવન પહોંચ્યા હતા જ્યાં સાંસદોનું ફોટો સેશન ચાલી રહ્યું હતું ત્યારે ગુજરાતના ભાજપના રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન અચાનક બહોશ થઈ ગયા હતા, જો કે થોડા સમય બાદ તેની તબિયતમાં સુધારો થયો હતો અને તે ફરીથી ફોટો સેશનમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે એડવિન લુટિયન અને હર્બર્ટ બેકરની ડિઝાઈન કરેલા ૯૬ વર્ષ જૂના સંસદભવનને આજે અલવિદા કર્યું છે, આજથી સંસદના નવા ભવનમાં કામકાજ શરુ થઈ જશે અને લોકસભાની કાર્યવાહી બપોરે ૧.૧૫ કલાકે તેમજ રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨.૧૫ કલાકે શરુ થશે. નવા સંસદ ભવનની શરુઆતની તૈયારી પુરી થઈ ગઈ છે અને આ ભવનમાં કુલ ૧૨૮૦ સભ્યો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે.

### કેબિનેટની મહિલા અનામત બિલને મંજૂરી

# મહિલા અનામત બીલ પર સપા, જેડીયુ અને આરજેડી આ મામલે વાંધો ઉઠાવી શકે છે

## ૨૦૦૮માં આ પક્ષોએ મહિલા અનામતમાં સબ-ક્વોટાની અને એસસી, એસટી અને ઓબીસી મહિલાઓને પણ તેમાં અનામતની માગણી કરી હતી

આજે સંસદના વિશેષ સત્રનો બીજો દિવસ છે. આજથી નવા સંસદભવનના શ્રી ગણેશ થયા છે. ત્યારે સંસદના વિશેષ સત્ર વચ્ચે ગઈકાલે કેન્દ્રીય કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. મળતી માહિતી અનુસાર, કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહિલા અનામત બિલને મંજૂરીને મળી ગઈ છે. આ દરમિયાન કોંગ્રેસ, બીઆરએસ જેવા પક્ષોએ બિલને સમર્થન આપ્યું છે. જોકે, જેડીયુ અને આરજેડી જેવા પક્ષોનું માનવું છે કે, તેઓ બિલની કોપી વાંચ્યા પછી જ આ અંગે નિર્ણય લેશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, સપા, જેડીયુ અને આરજેડી આ મામલે વાંધો ઉઠાવી શકે છે.

૨૦૦૮માં આ પક્ષોએ મહિલા અનામતમાં સબ-ક્વોટાની પણ માંગણી કરી હતી અને કહ્યું હતુ કે એસસી,એસટી અને ઓબીસી મહિલાઓને પણ તેમાં અનામત મળવી જોઈએ. યુપીએ સરકારના દ્વારા રજૂ કરવામાં આવેલ બિલમાં આ પ્રકારની કોઈ રજૂઆત ન હતી. તેથી જ સમાજવાદી પક્ષોએ વિરોધ કર્યો હતો અને પછી લોકસભામાં બિલ રજૂ થઈ શક્યું ન હતું. જો કે આ બિલ કોંગ્રેસ દ્વારા રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું હતું. તે બિલમાં લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ હતી. પરંતુ આમાં કોઈપણ પ્રકારના સબ-ક્વોટાની કોઈ વાત કરવામાં આવી ન હતી. હવે જોવાનું એ રહે છે કે મોદી સરકારનું બિલ કેવું હશે અને જો તેમાં કોઈ સબ-ક્વોટા નહીં હોય તો સમાજવાદી પક્ષો ફરી એકવાર તેનો વિરોધ કરી શકે છે.જોકે, આ મામલે ઈન્ડિયા ગઠબંધનની સૌથી મોટી પાર્ટી કોંગ્રેસે કોઈ સબ-ક્વોટાની માંગણી કરી નથી. જેને જોતા એવું લઈ રહ્યું છે કે, વિપક્ષી ગઠબંધનમાં આને કારણે મતભેદ ઉભા થઈ શકે છે. યુપીએ સરકાર દરમિયાન જ્યારે રાજ્યસભામાં બિલ રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે આરજેડીના સાંસદોએ હંગામો મચાવ્યો હતો અને તેમને ગૃહમાંથી હાંકી કાઢવા માટે માર્શલને પણ બોલાવવા પડ્યા હતા.

# મહિલા અનામત બિલને મંજૂરી, કોંગ્રેસે કર્યું સ્વાગત

કેન્દ્રીય કેબિનેટે સોમવારે મહિલા અનામત બિલને મંજૂરી આપી દીધી છે. કોંગ્રેસે તેનું સ્વાગત કર્યું અને કહ્યું કે સર્વપક્ષીય બેઠકમાં ચર્ચા કરીને સર્વસંમતિ રચી શકાઈ હોત. આ સાથે કોંગ્રેસે એમ પણ કહ્યું કે કેબિનેટનો આ નિર્ણય એ પાર્ટીઓની જીત છે જે યુપીએ સરકારમાં તેના સહયોગી હતા, કારણ કે આ બિલ તેમની સરકારના કાર્યકાળ દરમિયાન રાજ્યસભામાં પસાર થયું હતું. તે જ સમયે, કોંગ્રેસે તેના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા ૧૬ જુલાઈ, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલો પત્ર પણ જાહેર કર્યો. આ પત્રમાં મહિલા અનામત બિલને તાત્કાલિક પસાર કરવાની માંગ કરવામાં આવી હતી.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (અગાઉના ટ્વિટર) પર પોસ્ટ કર્યું હતું કે, જો સરકાર મહિલા અનામત બિલ રજૂ કરે છે, તો તે કોંગ્રેસ અને યુપીએ સરકારમાં તેના સાથી પક્ષોની જીત હશે. તેમણે લખ્યું છે કે આ બિલ યુપીએ સરકાર દરમિયાન ૯ માર્ચ ૨૦૧૦ના રોજ રાજ્યસભામાં પસાર થયું હતું. તેમણે કહ્યું કે ભાજપ તેના કાર્યકાળના ૧૦મા વર્ષમાં તે બિલને પુનર્જીવિત કરી રહ્યું છે, જેને આ આશામાં દબાવી દીધું હતું કે બિલ પરનો અવાજ મરી જશે. કોંગ્રેસ નેતાના જણાવ્યા અનુસાર હૈદરાબાદમાં મળેલી પાર્ટીની વર્કિંગ કમિટીની બેઠકમાં કોંગ્રેસે પણ સંસદમાં બિલ પાસ કરાવવાની જોરદાર અપીલ કરી હતી. ચિદમ્બરમે કહ્યું કે તેમને આશા છે કે વિશેષ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવશે અને પસાર કરવામાં આવશે. તે દરમિયાન પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે તેમની પાર્ટી લાંબા સમયથી આ બિલ પસાર કરવાની માંગ કરી રહી છે. તેમણે 'X' પર પોસ્ટ કર્યું કે કોંગ્રેસ લાંબા સમયથી મહિલા અનામત લાગુ કરવાની માંગ કરી રહી છે. અમે કેન્દ્રીય કેબિનેટના નિર્ણયના સમાચારને આવકારીએ છીએ અને બિલની વિગતોની રાહ જોઈ રહ્યા છીએ. જયરામ રમેશે કહ્યું કે વિશેષ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠકમાં આ અંગે સંપૂર્ણ ચર્ચા થઈ શકી હોત અને પડદા પાછળના રાજકારણને બદલે સર્વસંમતિ રચી શકાઈ હોત. તેમણે પોતાની એક જૂની પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં મહિલા અનામત બિલની પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે પંચાયતો અને નગર પાલિકાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ અનામત માટે રાજીવ ગાંધીએ મે ૧૯૮૯ના મહિનામાં બંધારણ સંશોધન બિલ રજૂ કરનાર પ્રથમ વ્યક્તિ હતા. તે બિલ લોકસભામાં પસાર થયું હતું, પરંતુ સપ્ટેમ્બર ૧૯૮૯માં રાજ્યસભામાં પસાર થઈ શક્યું ન હતું.

જયરામ રમેશના જણાવ્યા અનુસાર, એપ્રિલ ૧૯૯૩માં તત્કાલિન વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવે પંચાયતો અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ અનામત માટે બંધારણ સંશોધન બિલ ફરીથી રજૂ કર્યું હતું. બંને બિલ પસાર થયા અને કાયદા બન્યા. આજે પંચાયતો અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં ૧૫ લાખથી વધુ ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ છે. આ આંકડો લગભગ ૪૦ ટકા છે.

## ન્યૂઝ બ્રિફ

### ગળતેશ્વરથી વરસડા ગામને જોડતો બ્રિજ પૂરમાં ગરકાવ


। ખેડા, તા.૧૯ ।

ખેડાના ગળતેશ્વર વરસડાનો બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. આગામી દશ દિવસ સુધી આ બ્રિજને બંધ રાખવામાં આવશે. મહિસાગરમાં પાણી ૯ લાખ ક્યુસેક છોડવામાં આવ્યુ હોવાને લઈ બ્રિજ પરથી પાણી વહેવા લાગ્યુ છે. મહિસાગર નદીમાં આવેલા પૂરને પગલે બ્રિજ પરથી પાણી વહી રહ્યુ છે. પુલ પરથી ૧૫ ફુટ જેટલુ પાણી વહી રહ્યુ છે. ઠાસરા અને ચંદાસરને જોડતો આ બ્રિજ હાલમાં બંધ કરવામાં આવ્યો છે.ખેડાના ગળતેશ્વર વરસડાનો બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. આગામી દશ દિવસ સુધી આ બ્રિજને બંધ રાખવામાં આવશે. મહિસાગરમાં પાણી ૯ લાખ ક્યુસેક છોડવામાં આવ્યુ હોવાને લઈ બ્રિજ પરથી પાણી વહેવા લાગ્યુ છે. મહિસાગર નદીમાં આવેલા પૂરને પગલે બ્રિજ પરથી પાણી વહી રહ્યુ છે. પુલ પરથી ૧૫ ફુટ જેટલુ પાણી વહી રહ્યુ છે. ઠાસરા અને ચંદાસરને જોડતો આ બ્રિજ હાલમાં બંધ કરવામાં આવ્યો છે. સ્થાનિક પ્રાંત અધિકારીએ કહ્યુ હતુ કે, પાણી બ્રિજ પરથી વહી રહ્યુ છે, દશેક દીવસ સુધી આ બ્રિજને બંધ રાખવામાં આવશે.

### ગુજરીયા ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતા નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા

। જૂનાગઢ, તા.૧૯ ।

ભારે વરસાદને કારણે ભેંસાણ તાલુકાના મોટા ગુજરીયા ગામ પાસે આવેલ મોટા ગુજરીયા જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં આવતા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. તેમજ જળાશય આસ પાસમાં કોઈએ અવરજવર ન કરવા અને સાવચેત રહેવા વિનંતી કરાઈ છે. ગુજરિયા ડેમ ૧૦૦ ટકા ભરાઈ જવાના કારણે ભેંસાણ તાલુકાના મોટા ગુજરિયા જ્યારે વિસાવદર તાલુકાના મોટા કોટડા, નાના કોટડા, માંગનાથ પીપળી, વાજડી અને ખંભાળિયા ગામને એલર્ટ કરવામાં આવ્યા છે. જૂનાગઢ શહેરમાં ધોધમાર વરસાદને પગલે મનપા તંત્ર એક્શન મોડમાં છે. ૨૨ જુલાઈના રોજ શહેરમાં પુરની સ્થિતિમાં ભારે નુકશાની થઈ હતી. હવે મનપા તંત્ર કોઈ જોખમ લેવા માંગતું ન હોય તેમ એલર્ટ થયું છે. મનપાના અધિકારીઓ વોંકળા કાંઠે જેસીબી મશીનથી કચરો સાફ કરવામાં આવી રહ્યો છે.



પાલડી પંકજ સોસાયટીમાં જૈન સમાજ દ્વારા પર્યુષણમાં પ્રતીક્રમણ કરી રહેલ છે.

#### ગુજરાતમાં મેઘરાજાનો વધુ એક રાઉન્ડ શરૂ

## આણંદના ગંભીરા પાસે ફસાયેલા બે લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું

। આણંદ, તા.૧૯ ।

ગુજરાતમાં મેઘરાજાનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ ગયો છે. આ દરમિયાન ઉપરવાસમાં ભારે વરસાદના પગલે રાજ્યના ડેમોમાં ધરખમ પાણીની આવક થઈ રહી છે. આ તરફ ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ નર્મદા, ભરૂચ, વડોદરા, આણંદ, સુરત સહિતના વિવિધ વિસ્તારોમાં ૧૨,૪૪૪ વ્યક્તિઓના સ્થળાંતર કરવામાં આવ્યા છે. તેમજ અનેક લોકોનું રેસ્કૂય પણ કરવામા આવ્યું છે. ભારે વરસાદના કારણે વિવિધ જિલ્લાઓમાં પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આણંદમાં મહીસાગર નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ચમારા ગામમાં નદી પટમાં ગત રાત્રીએ ૯ લોકો ફસાયા હતા. જેમાં ૩ મહિલા ૩ બાળક અને ૩ પુરૂષોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યો છે. NDRF વિભાગની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારે જહેમત બાદ ૯ લોકોને NDRFની ટીમે બહાર કાઢ્યા છે. આણંદના ગંભીરા પાસે ફસાયેલા બે લોકોનું રેસ્ક્યૂ કરાયું છે. આંકલાવના PSI એમ.આર.વાળાએ દિલધડક રેસ્ક્યૂ કર્યુ હતું. મહીસાગર મંદિરમાં એક વૃદ્ધ અને મહિલા ફસાયા હતા. PSIએ SDRFની રાહ જોયા વિના રેસ્ક્યૂ હાથ ધર્યું હતું બેના જીવ બચાવી લીધા હતા.

#### ગુજરાતમાં હવે ચોમાસાનો વધુ એક રાઉન્ડ શરૂ

## બનાસકાંઠા ઉપરાંત કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડશે

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં હવે ચોમાસાનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં ઠેકઠેકાણે ભારેથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. ત્યારે આગામી સમયમાં ગુજરાતનાં હજુ ઘણા જીલ્લાઓમાં મેઘમહેર થશે. રાજ્યમાં કેટલાક વિસ્તારોને વધુ વરસાદ માટે સજ્જ રહેવા માટે જણાવવામાં આવી રહ્યું છે. અમદાવાદ, પાલન પુર, ગાંધીનગર, કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભરૂચ, મહેસાણા, રાજકોટ, આ તમામ વિસ્તારોમાં આગામી ૨ થી ૩ દિવસ હજુ પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. સ્કાયમેટ નામનાં પ્લેટફોર્મ પર વાતાવરણને લઈને અને હવામાનની ઘણી સચોટ આગાહીઓ મળી શકે છે તે અનુસાર ઉપરોક્ત જિલ્લાઓમાં વરસાદ પડે તેવી શક્યતા છે.ગુજરાતમાં મેઘાએ એકવાર ફરી તમામ જિલ્લાઓને ધમરોળ્યા છે. રાજ્યભરમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ જોવા મળ્યો છે. ક્યાંક ખૂબ વધારે તો ક્યાંક મધ્યમ વરસાદ જોવા મળ્યો છે. આટલું જ નહીં હજુ આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. બંગાળની ખાડીમાં બનેલી મજબૂત સિસ્ટમ મધ્યપ્રદેશ પરથી થઈને રાજસ્થાન અને ગુજરાત પર આવશે.

#### માઈભક્તો માટે ખુશખબર

## અંબાજીના ભાદરવી પૂનમના મેળા માટે દર્શનના સમયમાં ફેરફાર કરાયો



### લાખો પદયાત્રિઓને શાંતી અને સરળતાથી દર્શનનો લાભ મળી શકે તે માટે મેળાનાં સાત દિવસ દરમિયાન અંબાજી મંદિરમાં દર્શન અને આરતીનાં સમયમાં ફેરફાર કરાયો

। બનાસકાંઠા, તા.૧૯ ।

અંબાજી મંદિર એ કરોડો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. માઈ ભક્તો માટે આ એક રુડો અવસર બની રહે છે. જ્યા લાખો ભક્તો દર વર્ષે ભાદરવી પૂનમ પહેલા પગપાળા નીકળે છે. વિશ્વપ્રસિદ્ધ મા અંબેના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં વિદેશોથી પણ ભક્તો આવે છે. ત્યારે ફરી એકવાર ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગઈકાલે યોજાયેલી એક મીટિંગમા જાહેરાત કરાઈ કે, ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો યોજાશે. યાત્રાધામ અંબાજી ખાતે આગામી તારીખ ૨૩ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમનો મેળો ભરાશે. આ મેળામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ત્યારે લાખો પદયાત્રિઓને શાંતી અને સરળતાથી દર્શનનો લાભ મળી શકે તે માટે મેળાનાં સાત દિવસ દરમિયાન અંબાજી મંદિરમાં દર્શન અને આરતીનાં સમયમાં ફેરફાર કરાયો છે. તેમજ ભક્તો માટે દર્શનનાં સમયમાં પણ વધારો કરાયો છે. મંદિર ટ્રસ્ટના ભટ્ટજી મહારાજ તન્મય ઠાકરે દ્વારા જણાવ્યા અનુસાર, જે આરતી સવારે ૦૭.૦૦ કલાકે થતી હતી, તેનાં બદલે મેળાનાં સાત દિવસ દરમિયાન સવારની આરતી ૦૬.૦૦ થી ૦૬.૩૦ સુધી થશે. સવારે દર્શન ૦૬.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી રહેશે. જ્યારે બપોરે દર્શન ૧૨.૩૦ થી સાંજ નાં ૦૫.૦૦ કલાક સુધી ખુલ્લા રહેશે. સાંજની આરતી ૦૭.૦૦ થી ૦૭.૩૦ સુધી અને રાત્રિનાં દર્શન સાંજે ૦૭.૩૦ થી મોડી રાતનાં ૧૨.૦૦ કલાક સુધી મંદિર ખુલ્લા રાખવાનો નિર્ણય ટ્રસ્ટ દ્વારા લેવાયો છે.

## વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી ૧૨,૪૪૪ લોકોનું સ્થળાંતર કરાવાયું

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદના પગલે જન જીવન પ્રભાવિત થયુ છે.છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યના ૧૨૬ તાલુકાઓમાં બે ઈંચથી વરસાદ વરસ્યો છે. ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી કુલ ૧૨,૪૪૪ વ્યક્તિઓનું સ્થળાંતર કરાવાયુ છે. નર્મદા, ભરૂચ, વડોદરા, દાહોદ, પંચમહાલ અને આણંદ ખાતેથી ૬૧૭ વ્યક્તિઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યુ છે. રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ આ માહિતી આપી છે.

ગુજરાતમાં વરસાદના પગલે એક સ્ટેટ હાઈવે અને ૧૩ પંચાયતના રસ્તાઓ બંધ થયા હતા. જો કે મોડી સાંજ સુધીમાં તમામ રસ્તા પૂર્વવત કરી દેવાની ખાતરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. સ્થળાંતરિત વ્યક્તિઓને સેલ્ટર હોમ ખાતે લઈ જઈ ફૂડ પેકેટ સહિતની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને સૂચના મુજબ તમામ અસરગ્રસ્ત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવશ્યક પગલાંઓ લઈ પુનઃ એક વાર 'ઝીરો હ્યુમન લાઈફ લોસ'ના સૂત્રને સફળ બનાવવામાં આવ્યું છે તેમ રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ જણાવ્યું છે.

## વધામણાના તાયફા માટે સરકારે નર્મદા ડેમ ઓવરફ્લો કર્યો શક્તિસિંહના પ્રહાર

। અમદાવાદ, તા.૧૯ ।

મધ્યપ્રદેશમાં અને મધ્ય ગુજરાતમાં ભાદરવો ભરપૂર વરસી રહ્યો છે. અને ભારે વરસાદના કારણે સરદાર સરોવર ડેમ ભરાતા પાણી છોડવામાં આવ્યું છે. જેના કારણે નર્મદા નદી ગાંડીતૂર બની છે. પાણીના પ્રવાહના કારણે નર્મદા, ભરૂચમાં જન જીવન પ્રભાવિત થયો છે. કાંઠા વિસ્તારના ઘરો પાણીમાં ગરકાવ થઈ જતાં લોકોનું સ્થળાંતર કરાયું છે. નર્મદાના પાણીના પ્રવાહને જોતા તંત્રને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. તો બીજી તરફ ગોલ્ડન બ્રિજ ખાતે જળ સપાટીમાં વધારો થયો છે. જો કે, સમગ્ર બાબતને લઈ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે સરકાર પર આકરા પ્રહારો કર્યો છે. તો જેને લઈ સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલનું પણ નિવેદન સામે આવ્યું છે.નર્મદા ડેમ ઓવરફ્લો થવા મામલે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહએ સરકાર પર આકરા પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, અત્યંત દુઃખની વાત છે કે, આજે નર્મદા ડેમમાંથી ૧૭ લાખ ક્યૂસકથી વધારે પાણી એક સાથે છોડવામાં આવ્યું છે. ૧૮.૨ લાખ ક્યૂસક છેલ્લે એક સાથે પાણી છૂટ્યું અને જેના કારણે નર્મદા અને ભરૂચના નીચાણવાળા વિસ્તારોમાં બે બે માળ સુધી પાણી ચડી આવ્યું. જેણે તબાઈ મચાવી દીધી છે.

# વિશેષ લેખ

#### ભારતની ગણેશ સંસ્કૃતિ વિશ્વભરમાં ફેલાયેલી છે

# દરેક પૂજામાં સૌથી પહેલું સ્થાન અને દરેક શુભ કામમાં ગણેશની સ્થાપનાનું વિશેષ મહત્વ



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, ગણેશ ચતુર્થીને ભગવાન ગણેશની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. મહર્ષિ વેદ વ્યાસે ભગવાન ગણેશને મહાભારત રચવા માટે આહ્વાન કર્યું હતું અને તેમને મહાભારત લખવાની વિનંતી કરી હતી. એવું કહેવાય છે કે, ગણેશ ચતુર્થીના દિવસે મહાભારતમાં વ્યાસ દ્વારા બોલાયેલા શ્લોકો લખવાનું શરૂ કર્યું અને ભગવાન ગણેશ ૧૦ દિવસ રોકાયા વિના આ લેખન કાર્ય કરતા રહ્યા. આ દરમિયાન ગણેશજી પર ધૂળ અને માટીના થર જમા થઈ ગયા હતા. ૧૦ દિવસ પછી, અનંત ચતુર્દશીના દિવસે, ગણેશ મહારાજે સરસ્વતી નદીમાં કૂદીને પોતાને શુદ્ધ કર્યા. ત્યારથી દર વર્ષે ૧૦ દિવસનો ગણેશ ઉત્સવ ઉજવવામાં આવે છે. કથાઓમાં એવું પણ જોવા મળે છે કે, જ્યારે ભગવાન ગણેશ મહાભારત લખવાની વિનંતી કરી રહ્યા હતા ત્યારે તેમણે તેમનો એક દાંત તોડીને પોતાની કલમ બનાવી અને તેમાંથી મહાભારત લખવાનું શરૂ કર્યું.

ગણેશ ચતુર્થીના તહેવારની શરૂઆત મરાઠા શાસનકાળમાં થાય છે, ચત્રપતિ શિવાજીએ ઉત્સવની શરૂઆત સાથે. ભગવાન શિવ અને દેવી પાર્વતીના પુત્ર ગણેશના જન્મની કથામાં આ માન્યતા મૂકે છે. દેવી પાર્વતી ગણપતિની નિર્માતા હતી. તેણી, ભગવાન શિવની ગેરહાજરીમાં, તેમના ચંદનની પેસ્ટનો ઉપયોગ કરીને ગણેશની રચના કરી હતી અને તેને સ્નાન માટે ગઈ હતી ત્યારે તેની રક્ષા માટે મૂકી હતી. જ્યારે તેણી ગઈ હતી ત્યારે ભગવાન શિવએ ગણેશ સાથે લડત ચલાવી હતી. ગુસ્સે થયા, ભગવાન શિવએ ગણેશનું માથું કાપી નાખ્યું. જ્યારે પાર્વતીએ આ દૃશ્ય જોયું, ત્યારે તેણે કાલી દેવીનું રૂપ લીધું અને સંસારનો નાશ કરવાની ધમકી આપી. આ વાતથી બધાને ચિંતા થઈ અને તેઓએ ભગવાન શિવને કાલી દેવીના ક્રોધને સમાધાન શોધવા અને શાંત કરવા વિનંતી કરી. ત્યારબાદ શિવએ તેના તમામ અનુયાયીઓને તુરંત જઈને એક બાળક શોધી કાઢવાનો આદેશ આપ્યો જેની માતા તેની બેદરકારીમાં તેના બાળક તરફ છે અને તેનું માથું લાવશે. અનુયાયીઓ દ્વારા જોવામાં આવેલું પહેલું બાળક એક હાથીનું હતું અને તેઓએ આદેશ આપ્યો તેમ તેમનું માથું કાપીને ભગવાન શિવ પાસે લાવ્યા. ઈતિહાસ ભગવાન શિવએ તરત જ ગણેશના શરીર પર માથું મૂક્યું અને તેને ફરીથી જીવંત બનાવ્યું. મા કાળીનો ક્રોધ શાંત થયો અને દેવી પાર્વતીએ ફરી એક વાર અભિભૂત થઈ. બધા ભગવાન ભગવાન ગણેશ આશીર્વાદ અને આ જ કારણોસર આજે ઉજવવામાં આવે છે.

સૌ પ્રથમ આ તહેવાર ૧૯૮૯માં પુણેમાં ઉજવાયો હતો. આ તહેવાર સંસ્કૃતિ અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવા માટે ઉજવામાં આવતો હતો. મરાઠા સામ્રાજ્યના સ્થાપકશિવાજીના શાસન દરમિયાન પૂણેમાં જાહેર કાર્યક્રમો તરીકે આ તહેવારની ઉજવણીની નોંધ કરવામાં આવી હતી. અને ત્યારબાદ ભારતના એક સ્વાતંત્રીય સેનાની અને સમાજ સુધારક એવા બાલ ગંગાધર તિલક એ આ તહેવાર ભારતને નવા રૂપથી ઉજવાતા શીખવ્યો. તેમને આ તહેવાર સામૂહિક સમુદાયની પુજા તથા તે સમયમાં અનેક સ્વાતંત્રીય સેનાની તેમાં જોડાય અને આઝાદીની લડત શરૂ કરી હતી. આ સાથે તેઓએ આ તહેવારને સંસ્કૃતિ એકતા સમજી અને લોકોને આ તહેવારથી જોડાવ્યા હતા અને આ તહેવારની ઉજવણીનો ભવ્યાતી રીતે થયો પ્રારંભ અને ત્યારબાદ આ તહેવાર મહારાષ્ટ્ર તેમજ રાષ્ટ્ર ભરમાં લોકોની એકતાથી ઉજવામાં આવે છે. આ તહેવાર અનેક જ્ઞાનતિઓના લોકો માટે મળવાનું એક સ્થાન છે. આ તહેવાર ભક્તિ સાથે લોકોને



પોતાની કલાત્મક અભિવ્યક્તિ પણ દર્શવાય તેનું મધ્યમ છે. લોકો પહેલના સમયમાં પણ માટી થકી ભગવાન ગણપતિના મુર્તિ બનાવતા અને ફૂલ તેમજ વનસ્પતિ રંગો દ્વારા તેમનો શણગાર કરી લોકો ભાદરવા શુક્લ ચતુર્થીના ચોથા દિવસે મુર્તિની પુજા કરતાં હતા.

દરેક ઘરે તથા પાંડાલોમાં લાવાય વાજતે-ગાજતે ગણપતિની મુર્તિને ત્યારબાદ તેને ઘરના મંદિરોમાં આવે છે અને બિરાજિત કરવામાં આવે છે.રંગોળીથી કરાય છે ઘરોમાં વિઘ્નહરતાનું સ્વાગત માટે. પુજા આરતીથી કરાય છે સવાર સાંજ ભગવાનની પુજા અને વેચાય છે લાડુનો પ્રસાદ લોકો અને ભક્તોમાં. ઉજવણી ગણેશ ચતુર્થીની તૈયારી તહેવારના લગભગ એક મહિના પહેલાથી શરૂ થાય છે. આ ઉજવણી લગભગ દસ દિવસ સુધી ચાલે છે (ભાદ્રપદ શુધ્ધ ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી). પહેલા દિવસે ઘરોમાં ભગવાન ગણેશની માટીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવે છે. ઘરો ફૂલોથી સજ્જ છે. મંદિરો મોટી સંખ્યામાં ભક્તોની મુલાકાત લે છે. પૂજા-અર્ચના કરવામાં આવે છે અને ભજન કરવામાં આવે છે. મિત્રો મિત્રો અને પરિવાર સાથે ઉત્સવની ઉજવણી કરવા માટે સ્થાનિકો પંડાલો ગોઠવે છે અને ભગવાન ગણેશની મોટી મૂર્તિઓ સ્થાપિત કરે છે. ઉજવણીના અંતિમ દિવસે શેરીઓમાં ભગવાન ગણેશની મૂર્તિ લેવામાં આવે છે. લોકો મૂર્તિની સાથે શેરીઓમાં નૃત્ય અને ગીતના રૂપમાં તેમનો ઉત્સાહ અને આનંદ પ્રદર્શિત કરે છે. આ મૂર્તિ આખરે નદી અથવા સમુદ્રમાં ડૂબી છે. આ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેમની ખુશી વ્યક્ત કરી તેમની પ્રાર્થના કરી રહ્યા છે. આ તહેવારમાં ભારતમાં મુખ્યત્વે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા, તેલંગણા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં લોકો ઘરે અને જાહેરમાં ઉજવામાં આવે છે. દરેક જગ્યાએ આ તહેવાર દરમિયાન લોકો ઘરે અને પનડાલો માટીથી બનાવેલી મૂર્તિઓની સ્થાપના કરવામાં આવે છે અને સંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભવ્ય રીતે ઉજવણી થાય છે. નક્કર વાસ્તવિક્તા તે છે કે, સિંધુ ખીણના 'પશુપતિ' અને, અનાર્યોના ગણપતિને જોડી આર્યો સમરસતા સ્થાપવા માગતા હતા, આ સાથે શિવ અને ગણપતિ ગણેશની પૂજા પ્રસરી રહી. જે મૌર્ય યુગમાં પણ હતી, પરંતુ ઈ.સ. ૧૫૦થી મૌર્ય સામ્રાજ્ય નિર્બળ બનતા. આંધ્ર પ્રજા પ્રબળ બની, તે વિંધ્યાચલના પૂર્વ છેડાથી ગોદાવરીના તટ સુધી પ્રસરી હતી. ગોદાવરી-કૃષ્ણાના મુખ-ત્રિકોણો વચ્ચેનું રાજમહેન્દ્રી તેઓનું મુખ્ય મથક બની રહ્યું. તેમણે, ગણેશ પૂજનને મહત્વ આપ્યું. ગણેશ તેમના મુખ્ય દેવ બની રહ્યા. આ આંધ્રોના સમ્રાટ યજ્ઞા સાતકણી (ઈસુની બીજી સદીના ઉત્તરાર્ધમાં અત્યંત પ્રબળ બની રહ્યો તેણે ઉત્તરના મૌર્ય રાજા (બૃહદરથ)ને પરાજિત કર્યા. પરંતુ, તેને જીવંત છોડી દીધો. યજ્ઞા સાતકર્ણીએ છેક કોંકણ સુધી, વિજયકૂચ કરી અત્યારે દખ્ખણ તરીકે ઓળખાતો ભારતનો વિસ્તાર તેના કબ્જામાં લીધો, આ સાથે આ સમગ્ર વિસ્તારમાં ગણેશ મહત્ત્વના દેવ બની રહ્યા. યજ્ઞા સાતકર્ણીના વિજયનું એક અન્ય પાસું તે હતું કે, તેમનાં સામ્રાજ્યથી ઉત્તર પ શ્ચિમે રહેલા શક ક્ષત્રયોએ તેનેથી ડરી જઈ તેની સાથે લગ્ન સંબંધો બાંધ્યા. શક-ક્ષત્રય રૂદ્રસેને, આ સાથે ગણેશને પણ સર્વપ્રથમ દેવ તરીકે સ્વીકાર્યા. આમ ઈસુની બીજી સદીથી તો, શકક્ષત્રયનું સામ્રાજ્ય જ્યાં જ્યાં હતું (રાજસ્થાન, ગુજરાત, પૂર્વ-મધ્ય પ્રદેશ અને ઉત્તર મહારાષ્ટ્રમાં) ત્યાં ત્યાં ગણેશ પૂજનનું મહત્વ વધી ગયું ત્યાં પણ ભારતભરમાં પણ ગણેશ પૂજન તો થયું હતું પરંતુ આટલી ધામધૂમ ન હતી. આંધ્રો નિર્બળ બનતાં વાકાટાકો આવ્યા તે પછી ઈસુની ૩જી સદીથી નાગ પ્રજા, વિંધ્યાશક્તિ શરૃ કરી વર્તમાન મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિસ્તારમાં પ્રબળ બની. તેમનો રાજા ભવનાગ (ઈસુની ચોથી સદીથી) પ્રબળ બન્યો પણ તેણે ગણપતિ પૂજનને મહત્ત્વ આપ્યું. કારણ કે આ નાગ પ્રજા શિવ પૂજક હતી અને શિવ સાથે શક્તિ તથા ગણેશ સંલગ્ન હોય જ છે.

ગણેશનું પૂજન-અર્ચન દક્ષિણ ભારતમાં પણ થયું હતું. અને દક્ષિણ ભારતના ચૌલ સમ્રાટો, રાજ-રાજ ચૌલ તથા રાજ-રાજેશ્વર ચૌલે ઈસુની ૯મીથી ૧૦ સદીમાં વર્તમાન ઈન્ડોનેશિયા, મલયા ઉપર પણ સામ્રાજ્ય સ્થાપ્યું. ચૌલ સત્તા નિર્બળ થતાં તે પ્રદેશમાં શ્રી વિજય સામ્રાજ્ય રચાયું. આ દરમિયાન યવ-દ્વિપ (જાવા)ની પાસેના ટાપુ-બાલીટાપુના પર્વતોની કરાડોમાં બાર-બાર-ફીટની ભગવાન શ્રી ગણેશની મૂર્તિઓ કંડારેલી છે. ગણેશ પૂજા, બૌદ્ધ સાધુઓ સાથે ચીનમાં પણ પ્રસરી. તેનાં પશ્ચિમનાં મહત્ત્વનાં નગર ચેંગડુમાં અવલોહીતેશ્વર બુદ્ધની ૩૨ હાથની મૂર્તિ છે. તથા તે મંદિરના વિશાળ પરિસરમાં તિબેટમાંથી લાવવામાં આવેલી. માતા સરસ્વતી, કુબેર વગેરેની મૂર્તિઓ છે. સાથે કાંગ-નેંગ (શ્રી ગણેશ)ની પણ મૂર્તિ છે.

## ન્યુઝ બોક્ષ

### ત્રણ ઓક્ટોબરે ભારતનો ક્રિકેટમાં ક્વાર્ટર ફાઈનલમાં મુકાબલો

। નવી દિલ્હી, તા.૧૯ ।

એશિયન ગેમ્સ ૨૦૨૩ની આજથી શરૂઆત થવાની છે. જેમાં ૨૭ સેપ્ટેમ્બરના રોજ મેન્સ ક્રિકેટની શરૂઆત થશે. એશિયન ગેમ્સમાં ભારતીય ટીમ સીધા ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. આ પહેલા ૯ મેચ રમાશે. ગ્રુપ મેચમાં જીતનાર ટીમોને પોઈન્ટ્સના હિસાબે ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા મળશે. ભારત ૩ ઓક્ટોબરના રોજે ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. પાકિસ્તાનની ટીમ પણ ૩ ઓક્ટોબરના રોજ મેચ રમાશે. ભારતની મહિલા ક્રિકેટ ટીમ ૨૧ સેપ્ટેમ્બરના ક્વાર્ટર ફાઈનલ રમવા મેદાનમાં ઉતરશે. એશિયન ગેમ્સ ૨૦૨૩માં મહિલા ક્રિકેટમાં પહેલી મેચ ઈન્ડોનેશિયા અને મંગોલિયા વચ્ચે રમાશે. ભારતની સાથે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાની ટીમ પણ સીધા ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. ભારત અને પાકિસ્તાનની મેચ ૨૧ સેપ્ટેમ્બરના રોજ રમાનાર છે. જો ભારતીય મહિલા ક્રિકેટ ટીમ જીતે છે તો તે ૨૪ સેપ્ટેમ્બરે સેમીફાઈનલમાં મેચ રમશે.ત્યારબાદ ૨૫ સેપ્ટેમ્બરે ફાઈનલ રમાશે. મેન્સ ક્રિકેટ ૨૭ સેપ્ટેમ્બરથી યોજાશે. મેન્સ ક્રિકેટની પ્રથમ મેચ નેપાળ અને મંગોલિયા વચ્ચે રમાશે. મેન્સ ક્રિકેટમાં પણ ભારતીય ટીમ સીધા ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. આમાં પણ ભારત સાથે પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહેલા જ પહોંચી ચુકી છે. મેન્સ ક્રિકેટની સેમિફાઈનલ ૬ ઓક્ટોબરે અને ફાઈનલ મેચ ૭ ઓક્ટોબરના રોજ રમાશે.

### ૨૮ સપ્ટેમ્બર પહેલા ફિટ નહીં હોય તો અક્ષર ટીમમાંથી બહાર થશે

। નવી દિલ્હી, તા.૧૯ ।

બીસીસીઆઈએ વર્લ્ડ કપ ૨૦૨૩ માટે ટીમની જાહેરાત કરી ચુકી છે. જો કે બીસીસીઆઈ પાસે ૨૮ સેપ્ટેમ્બર સુધી ટીમમાં ફેરફાર કરવાનો મોકો છે. આ દરમિયાન ભારતીય ટીમના ઓલરાઉન્ડર અક્ષર પટેલ પર વર્લ્ડ કપથી બહાર થવાની તલવાર લટકી રહી છે. જો તે આ પહેલા ફીટ નહી થાય તો તે ટીમની બહાર થઈ શકે છે.એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪ના મેચ દરમિયાન અક્ષરને ઈજા થઈ હતી. જેના કારણે તે ફાઈનલ મેચ રમી શક્યો ન હતો અને તેની જગ્યાએ વોશિંગ્ટન સુંદરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. અક્ષર વનડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો ભાગ છે. પરંતુ વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયા સામે રમાનાર ૩ મેચની વનડે સિરીઝના પ્રથમ બે મેચ માટે તે ઉપલબ્ધ નથી. જો તે ત્રીજી મેચ નથી રમતો અને ૨૮ સેપ્ટેમ્બર સુધી પોતાની ફિટનેસ સાબિત કરવામાં અસફળ થાય છે તો તે વર્લ્ડ કપ માટે ભારતીય ટીમથી બહાર થઈ શકે છે અને તેને અશ્વિન અથવા વોશિંગ્ટન સુંદર સાથે રિપ્લેસ કરી શકાય છે.

### ઈન્ડોનેશિયામાં ચીનના પ્રોજેક્ટ સામે હજારો લોકો રસ્તા પર

। જકાર્તા,તા.૧૯ ।

ચીન પોતાની વિસ્તારવાદી નીતિઓ માટે અને બીજા દેશોને પોતાના દેવાની જાળમાં ફસાવવા માટે આખી દુનિયામાં કુખ્યાત થઈ રહ્યુ છે.ચીનની આ નીતિના કારણે ઘણા દેશો દેવાના ભરડામાં આવી ગયા છે. જોકે ખંધા ચીનની ચાલાકી હવે બીજા દેશો સમજી રહ્યા છે. જેમ કે ઈન્ડોનેશિયામાં ચીન સામે લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. ઈન્ડોનેશિયાના એક ટાપુના હજારો લોકોએ રસ્તા પર ઉતરીને ચીન સામે દેખાવો કર્યા હતા. લોકોને ડર છે કે, ચીનના પ્રોજેકટના કારણે આ ટાપુ પર હજારો લોકો વિસ્થાપિત થશે. વિરોધ અને દેખાવો એટલા ઉગ્ર હતા કે, સરકારે સ્થિતિને કાબૂમાં લેવા માટે વિશેષ પોલીસ ફોર્સને તૈનાત કરવી પડી હતી. ઈન્ડોનેશિયાની સરકાર ચીન પાસેથી મળેલી લોન વડે પોતાના સેમપાંગ ટાપુને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તરીકે વિકસીત કરી રહી છે. પણ આ યોજના સામે સ્થાનિક લોકો વિરોધમાં છે. આ ટાપુ પર એક મોટી ગ્લાસ ફેટકરી સ્થાપાવાની છે પણ તેના કારણે ૭૫૦૦ લોકોને વિસ્થાપિત થવુ પડશે. ચીનની કંપની પાસે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ ચીનની મુલાકાત દરમિયાન ૧૧ અબજ ડોલરના રોકાણનો વાયદો લીધો હતો. જોકે ચીનના પ્રોજેકટનો ભારે વિરોધ થઈ રહ્યો છે. જોકે ચીન સામે દેખાવો નવી વાત નથી. આ પહેલા પણ ફિલિપાઈન્સ, તાઈવાન, મલેશિયા, વિયેતનામ જેવા દેશોમાં ચીન સામે લોકો પોતોનો ગુસ્સો વ્યસ્ત કરી ચુકયા છે.

#### આસામના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે

# અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ECB દ્વારા એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો

**અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ECB દ્વારા આચાર ભંગ બદલ એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો**

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતે આગામી ODI વર્લ્ડ કપની યજમાની કરવાની છે. આ ICC ટૂર્નામેન્ટ ૫ ઓક્ટોબરથી શરૂ થશે, જેની પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ટીમ તેની પ્રથમ મેચ ૮ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે. આ દરમિયાન ભારતના એક દિગ્ગજ ખેલાડી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ECB (ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ) દ્વારા આચાર ભંગ બદલ એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. પૂજારા હાલમાં સસેક્સ કાઉન્ટી ક્રિકેટ ક્લબની કેપ્ટનશીપ સંભાળી રહ્યો છે. તેના પર એક મેચનો પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આટલું જ નહીં, તેની ટીમ



સસેક્સને આચાર નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ ૧૨ પેનલ્ટી પોઈન્ટ આપવામાં આવ્યા છે.

પુજારાના એક મેચના પ્રતિબંધ પાછળનું કારણ તેના બે સાથી ખેલાડીઓ જેક કાર્સન અને ટોમ હેન્સનું વર્તન છે. હોવમાં સસેક્સ અને લેસ્ટરશાયરની મેચ દરમિયાન આ ઘટના બની હતી. જોકે પૂજારાએ ECBના વ્યાવસાયિક આચરણના નિયમોનો ભંગ કર્યો ન હતો, પરંતુ કાર્સન અને હેન્સના વર્તનને રોકવામાં તેની નિષ્ફળતા તેના સસ્પેન્શનનું કારણ છે. આ ઘટના પછી, ECBએ એક નિવેદન બહાર પાડ્યું અને ચેતેશ્વર પૂજારાને એક મેચના સસ્પેન્શન પાછળનું કારણ સમજાવ્યું. નિવેદનમાં વાંચવામાં આવ્યું છેઃ પ્રોફેશનલ કંડક્ટ રેગ્યુલેશન્સના નિયમ ૪.૩૦ જણાવે છે કે તે કેપ્ટન માટે અલગ ગુનો હશે જ્યાં એક જ વ્યક્તિએ તમામ મેચોમાં ટીમનું નેતૃત્વ કર્યું હોય જેમાં ચોક્કસ દંડ પ્રાપ્ત થયો હોય, અને કેપ્ટનને એક મેચ મળશે. પૂજારાને સસ્પેન્ડ કરવા અને ૧૨ પોઈન્ટ કાપવા ઉપરાંત, હેન્સ અને કાર્સન પણ ૧૯ સપ્ટેમ્બરે ડર્બીશાયર સામેની સસેક્સની આગામી મેચમાંથી બહાર થઈ ગયા છે. નિયમ ૪.૨૯ જણાવે છે કે આવા ગુના માટે ટીમના ૧૨ પોઈન્ટ કાપવામાં આવશે. સસેક્સ કાઉન્ટી ચેમ્પિયનશિપના ડિવિઝન-૨માં રહેશે.

#### વિરાટ-રોહિતને આરામ, અશ્વિનની વાપસી

# ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ઓસ્ટ્રેલિયા સામે વનડે સિરીઝ માટે ટીમ જાહેર કરી

**ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની વનડે સિરીઝ માટે ભારતીય ટીમ જાહેર કરાઈ**

। મુંબઈ, તા.૧૯ ।

ભારતીય ક્રિકેટ બોર્ડે ઓસ્ટ્રેલિયા સામે રમાનારી ત્રણ વનડે મેચની ટીમ જાહેર કરી દીધી છે. પ્રથમ બે વનડેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો છે. જ્યારે કેએલ રાહુલને ટીમની કમાન સોંપવામાં આવી છે. આર અશ્વિનની ટીમમાં વાપસી થઈ છે. જ્યારે ત્રીજી વનડેમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યાની વાપસી થશે.

પ્રથમ બે વનડે માટે ટીમઃ કેએલ રાહુલ (કેપ્ટન), શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ, શ્રેયસ અય્યર, ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવ, રવીન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, જસપ્રીત બુમરાહ, તિલક વર્મા, પ્રસિદ્ધ કૃષ્ણા, આર અશ્વિન, વોશિંગટન સુંદર.

ત્રીજી વનડે માટે ટીમઃ રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ, ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવ, રવીન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ,



જસપ્રીત બુમરાહ, કુલદીપ યાદવ, આર અશ્વિન, વોશિંગટન સુંદર.

ભારત-ઓસ્ટ્રેલિયા સિરીઝ કાર્યક્રમ

પ્રથમ વનડે- ૨૨ સપ્ટેમ્બર, મોહાલી

બીજી વનડે- ૨૪ સપ્ટેમ્બર, ઈન્દોર

ત્રીજી વનડે- ૨૭ સપ્ટેમ્બર, રાજકોટ

ભારત સામે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમઃ પેટ કમિન્સ (કેપ્ટન), શોન એબોટ, એલેક્સ કેરી, નાથન એલિસ, કેમરૂન ગ્રીન, જોશ હેઝલવુડ, જોશ ઈંગ્લિશ, સ્પેન્સર જોનસન, માર્નસ લાબુશેન, મિચેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, તનવીર સંઘા, મેટ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોયનિસ, ડેવિડ વોર્નર અને એડમ ઝમ્પા.

#### ખાલિસ્તાની આતંકીની હત્યાના આક્ષેપમાં કેનેડાએ ભારતીય રાજદ્વારીને હટાવ્યા

# ભારતની વળતી કાર્યવાહી, કેનેડાના રાજદ્વારીને પાંચ દિવસમાં ભારત છોડવા આદેશ

## ભારતે કેનેડા પર ખાલિસ્તાની આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને આશ્રય આપવાનો આરોપ પણ લગાવ્યો

। નવી દિલ્હી,તા.૧૯ ।

કેનેડાએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહની હત્યામાં ભારતની સંડોવણીનો આરોપ લગાવતા વરિષ્ઠ ભારતીય રાજદ્વારીને હટાવ્યા હતા, ત્યારે હવે કેનેડાની આ કાર્યવાહીના જવાબમાં ભારતે પણ કેનેડાના એક વરિષ્ઠ રાજદ્વારીને દેશમાંથી હાંકી કાઢ્યા છે. સુત્રોના રિપોર્ટ અનુસાર ભારત સરકારે કેનેડાના હાઈ કમિશનરને સવારે બોલાવવામાં આવ્યા હતા અને કેનેડાના વરિષ્ઠ રાજદ્વારીને ભારતમાંથી હાંકી કાઢવાની માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ હાંકી કાઢવામાં આવેલા રાજદ્વારીને આગામી પાંચ દિવસમાં ભારત છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે.આ પહેલા વિદેશ મંત્રાલયે આજે જવાબ આપતા કહ્યું કે, કેનેડામાં હિંસામાં ભારત સરકારની સંડોવણીના આરોપો પાયા અને આધારભૂત વગરના છે. કેનેડાના વડાપ્રધાને ભારત સરકાર પર કરેલા આક્ષેપને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યા હતા. ભારતે કેનેડા પર ખાલિસ્તાની આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને આશ્રય આપવાનો આરોપ પણ લગાવ્યો છે. આગાઉ પીએમ ટૂડોના જણાવ્યા અનુસાર, કેનેડાની સુરક્ષા એજન્સીઓ આ કેસ મામલે તપાસ કરી રહી છે. તેમણે સંસદમાં જણાવ્યું હતું કે, પીએમ મોદીને કહેવામાં આવ્યું છે કે, જો ભારત સરકાર આ મામલામાં કોઈપણ રીતે સામેલ હશે તો તે સ્વીકાર્ય નહીં હોય અને તપાસમાં સહયોગની પણ માગ કરી હતી. ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જર, જેના પોસ્ટર મંદિરની બહાર લગાવવામાં આવ્યા છે, તેની આ વર્ષે ૧૮ જૂને કેનેડામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેને ભારત સરકાર દ્વારા ડેઝિગ્નેટેડ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. ભારત સરકારે ૪૧ આતંકવાદીઓની યાદી જાહેર કરી તેમાં હરદીપ નિજ્જરનું નામ પણ સામેલ હતું. ભારતીય એજન્સી એનઆઈએએ નિજ્જરને ભાગેડુ જાહેર કર્યો હતો. નિજ્જર ગુરુ નાનક શીખ ગુરુદ્વારાના પ્રમુખ હતો અને કેનેડામાં ઉગ્રવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (એસએફજે)નો મુખ્ય ચહેરો હતો. નિજ્જર ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ પણ હતો.

### હું છું ત્યાં સુધી ડરવાની જરૂર નથી, કેનેડાના સાંસદનું ખાલિસ્તાનીઓને આશ્વાસન

ભારત અને કેનેડાના સબંધોમાં અભૂતપૂર્વ તણાવ જોવા મળી રહ્યો છે અને તેની પાછળનુ કારણ ખાલિસ્તાની આતંકીઓને પ્રોત્સાહન આપવાની કેનેડાની સરકારની નીતિ છે. હવે જ્યારે કેનેડાના પીએમ ટ્રૂડોએ ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા માટે ભારત સરકાર પર આંગળી ચીંધી છે ત્યારે કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ અને સાંસદ જગમીતસિંહે ભારત સામે ઝેર ઓકયુ છે. એક વાયરલ વીડિયોમાં તે ખાલિસ્તાનીઓને આશ્વાસન આપતો દેખાય છે. તે કહે છે કે, જ્યાં સુધી હું કેનેડામાં છુ ત્યાં સુધી તમારે ડરવાની જરૂર નથી. ઉલ્લેખનીય છે કે જગમીતસિંહની પાર્ટીના ૨૪ સાંસદ છે અને તેની પાર્ટી ટ્રૂડોને ટેકો આપી રહ્યા છે. ટ્રૂડો પોતાની ખુરશી બચાવવા માટે જગમીતસિંહને ખુશ કરવા ખાલિસ્તાનીઓને બચાવી રહ્યા છે. બીજી તરફ ટ્રૂડોએ સંસદમાં આપેલા નિવેદન બાદ જગમીતસિંહે એક નિવેદન પોસ્ટ કરીને કહ્યુ હતુ કે, આજે અમને ખબર પડી છે કે, ભારતીય એજન્ટોએ હરદીપસિંહ નિજ્જરની હત્યા કરી છે. તે કેનેડાની ધરતી પર માર્યો ગયેલો કેનેડાનો નાગરિક હતો. હું તમામ કેનેડાના લોકોને વચન આપુ છુ કે આ માટે ભારતના પીએમ નરેન્દ્ર મોદીને દોષી ઠેરવવા માટે કોઈ કસર બાકી નહીં રાખુ.



નવી દિલ્હી ખાતે સંસદસભ્યો નવી સંસદ બિલ્ડિંગ તરફ જતા નજરે પડે છે.

# યુએસએ નિજ્જર હત્યાકાંડની યોગ્ય તપાસ કરવા કેનેડાને કહ્યું

। કેનેડા,તા.૧૯ ।

કેનેડા અને ભારતની વચ્ચે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાકાંડને લઈને ભારે કડવાશ આવી ચુકી છે. કેનેડાએ ખાલિસ્તાની આતંકીની હત્યા પાછળ ભારતની સંડોવણી હવાના આરોપ લગાવતા ટોચના ભારતીય રાજદ્વારીને હાંકી કાઢ્યા હતા, ત્યાર બાદ ભારતે પણ વળતો જવાબ આપતા કેનેડિયન રાજદ્વારીને હાંકી કાઢીને પાંચ દિવસમાં દેશ છોડવાનો આદેશ આપ્યો છે ત્યારે હવે ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાની આતંકીની હત્યાને પગલે ચાલી રહેલા તણાવ પર અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી છે.અમેરિકાએ કહ્યું કે કેનેડાના સરે શહેરમાં એક શીખ કાર્યકર્તાની હત્યાને લઈને કેનેડાના પીએમ જસ્ટિન ટૂડોના ભારતના પરના આરોપોથી તે ખુબ જ ચિંતિત છે. સ્થાનિક સમાચાર એજન્સી અનુસાર વ્હાઈટ હાઉસ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા એડ્રિન વોટસને કહ્યું હતું કે અમે કેનેડાના પીએમ જસ્ટિન ટૂડોના ભારત પર લગાવવામાં આવેલા આરોપોને લઈને ખૂબ જ ચિંતિત છીએ તેમજ અમે અમારા કેનેડિયન સહયોગી સાથે નિયમિતી રુપે સંપર્કમાં રહીએ છીએ. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કેનેડા આ ઘટનાની યોગ્ય તપાસ કરે.

#### લાસ વેગાસમાં વર્ષનો સૌથી મોટો સાયબર એટેક

# લાસ વેગાસના રિસોર્ટ પર સાયબર એટેક

। લાસ વેગાસ,તા.૧૯ ।

અમેરિકાનું લાસ વેગાસ કે જે તેની નાઈટલાઈફ ખૂબ જ જાણીતું છે. આ સિટી લક્ઝરી હોટેલ્સ અને ક્રેઝી નાઈટલાઈફને કારણે લોકો માટેની મનપસંદ જગ્યામાનું એક છે. તાજેતરમાં આ સિટીમાં આ વર્ષનો અમેરિકાનો સૌથી મોટો કહી શકાય તેવો એક સાયબર એટેક થયો હતો જેના કારણે તે ચર્ચામાં છે. લાસ વેગાસની એમજીએમ રિસોર્ટ પ્રોપર્ટીઝમાં નવ દિવસ પહેલા એક મોટો સાયબર એટેક થયો જેને અનેક લોકોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા. આ એટેકની અસર સતત છ દિવસ સુધી ચાલી હતી.



એમજીએમ રિસોર્ટ કે જે વિશ્વભરમાં બે ડઝનથી વધુ હોટેલ ધરાવે છે. અહીં ૧૦ સપ્ટેમ્બરે એક સાયબર એટેક થયો જેને કારણે તેની ઓનલાઈન સિસ્ટમને અસર થઈ હતી. હોટેલની તમામ સિસ્ટમો બંધ થઈ હતી જેના કારણે અહીં રોકાયેલ અને આવતા તમામ ગેસ્ટ રઝળી પડ્યા હતા. હોટેલ રૂમની ડિજિટલ ચાવીઓથી લઈને સ્લોટ મશીનો સુધીની દરેક વસ્તુ કામ કરતી બંધ થઈ ગઈ હતી. એમજીએમ રિસોર્ટની મેઈન વેબસાઈટ પણ ડાઉન થઈ ગઈ હતી. ગેસ્ટના ચેક ઈન કરવાથી લઈ રૂમની ચાવીઓ મેળવવા ઉપરાંત સ્લોટ મશીનોમાં જીતેલી રકમ હાથે લખેલી રસીદો મેળવવા માટે કલાકો-લાંબી લાઈનોમાં રાહ જોવી પડી હતી. અહીં તમામ કાર્ય મેન્યુઅલ મોડમાં થવાથી લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એમજીએમ રિસોર્ટ દ્વારા સોશિયલ મીડિયા દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે, સમસ્યાને ઉકેલવા માટે હોટલના કર્મચારીઓ સતત કામ કરી રહ્યા છે.

એમજીએમ રિસોર્ટ્સમાં આ સાયબર એટેકની શરૂઆત એક ફોન કૉલથી થઈ હતી. હેકર્સ દ્વારા એક ફોન કૉલથી ફિશિંગ એટેક કરવામાં આવ્યો હતો. ફિશિંગ એટેક એટલે એક વ્યવસ્થિત વ્યૂરચના દ્વારા ફોન, ઈમેલ કે એસએમએસ દ્વારા મોકલવામાં આવેલ નકલી ઓફર સાથે યુઝર્સને આકર્ષિત કરે છે. આ રીતે એમજીએમ રિસોર્ટ્સમાં આવેલ એક ફોન કૉલએ ફિશિંગ કૉલ હતો જેમાં ફસાયા બાદ વેબસાઈટથી લઈ હોટલના તમામ કર્યો ઠપ થઈ ગયા હતા.

સ્કેટર્ડ સ્પાઈડર હેકિંગ ગ્રૂપના જણાવ્યા અનુસાર, તેણે મલ્ટિ-બિલિયન-ડોલર કેસિનો ઓપરેટર્સ એમજીએમ રિસોર્ટ્સ ઈન્ટરનેશનલ અને સીઝર્સ એન્ટરટેઈનમેન્ટની સિસ્ટમમાંથી છ ટેરાબાઈટ(૬ ટીબી) ડેટા એકઠો કર્યો છે.

#### સૂર્ય મિશનમાં ISROને મોટી સફળતા

# Aditya-L1 પૃથ્વીને અલવિદા કહીને ૧૫ લાખ કિમીની યાત્રાએ રવાના

## ઈસરો દ્વારા સૂર્ય પર રિસર્ચ કરવા માટે મોકલવામાં આવેલું આદિત્ય એલ૧ હવે પૃથ્વીની કક્ષામાંથી બહાર નીકળી ગયું છે

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરો દ્વારા સૂર્ય પર રિસર્ચ કરવા માટે મોકલવામાં આવેલું આદિત્ય એલ૧ હવે પૃથ્વીની કક્ષામાંથી બહાર નીકળી ગયું છે. આદિત્ય એલ૧ હવે પોતાની યાત્રાના અંતિમ પડાવ માટે નીકળી ચૂક્યું છે. જે પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટરના અંતરે છે. એટલે કે આદિત્ય એલ૧ સોમવાર-મંગળવારની મધરાતે લગભગ ૨ વાગે નિર્ધારિત પ્રક્રિયા હેઠળ ધરતીના ગુરુત્વાકર્ષણના પ્રભાવથી આગળ નીકળી ગયું અને પછી પૃથ્વી સૂર્ય પ્રણાલીમાં લેગ્રેન્જ પોઈન્ટ ૧ પર પહોંચવા માટે પોતાની ચાર મહિનાની યાત્રા શરૂ કરી દીધી છે. આ જાણકારી ઈસરોએ ટ્વીટ કરીને આપી છે. અત્રે જણાવવાનું કે આ લેગ્રેન્જ પોઈન્ટ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. અંતરિક્ષ યાન આદિત્ય એલ૧એ પૃથ્વી તરફની ચાર ગતિવિધિઓને સફળતાપૂર્વક પૂરી કરી છે. એકવાર જ્યારે આદિત્ય એલ૧ લેગ્રેન્જ પોઈન્ટ પર પહોંચી જશે ત્યારે તે એક પ્રભામંડળ કક્ષામાં પ્રવેશ કરશે અને પોતાના મિશનના સમયગાળા દરમિયાન તે ત્યાં રહેશે. લેગ્રેન્જ પોઈન્ટ જેનું નામ પ્રસિદ્ધ ઈટાલિયન-ફ્રાન્સિસ ગણિતશાસ્ત્રી જોસેફ લઈ લેગ્રેન્જના નામ પર રખાયું છે.

આદિત્ય એલ૧એ હાલ સાયન્ટિફિક ડેટા ભેગા કરવાનું શરૂ કરી દીધુ છે. ગત ૨ સપ્ટેમ્બરે ઈસરોએ પીએસએલવી-સીપ૭ રોકેટથી આદિત્ય એલ૧નું લોન્ચિંગ કર્યું હતું. જેને પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર લેગ્રેજિયન પોઈન્ટ ૧ પર પ્રભામંડળ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. હાલમાં ઈસરોએ ટ્વીટ કરીને કહ્યું હતું કે આદિત્યમાં લાગેલા ઉપકરણ સુપ્રા થર્મલ એનર્જેટિક પાર્ટિકલ સ્પેક્ટ્રોમીટર (સ્પેસ)ના સેન્સરે સુપર થર્મલ અને ઉર્જાવાન આયનો અને ઈલેક્ટ્રાનોને માપવાનું શરૂ કરી દીધુ છે. તેને ૧૦ સપ્ટેમ્બરે પૃથ્વીથી ૫૦ હજાર કિલોમીટરથી વધુ અંતરે સક્રિય કરાયું હતું. અત્રે જણાવવાનું કે આદિત્ય એલ૧ સૂર્યનો અભ્યાસ કરનારું પહેલું ભારતીય અંતરિક્ષ મિશન છે.

## તંત્રી લેખ...

# 'વિશ્વકર્મા યોજના' લોન્ચ કરી

વડાપ્રધાને લોન્ચ કરેલી વિશ્વકર્મા યોજનાનું લોન્ચિંગ કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત અભિયાન, વોકલ ફોર લોકલ મિશન અને સ્કિલ ઈન્ડિયા કાર્યક્રમ માટે સંજીવની સાબિત થશે. વડાપ્રધાન મોદીએ પોતાના જન્મદિવસે ૧૮ ક્ષેત્રના પારંપરિક હુનરમંદ લોકો માટે લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયાના બજેટ જોગવાઈ સાથે રાષ્ટ્રીય સ્તર પર 'વિશ્વકર્મા યોજના' લોન્ચ કરી છે. આ યોજનાનું એલાન ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ સ્વતંત્રતા દિવસ પર કિલ્લાથી તેને લોન્ચ કરવાનો વાયદો કર્યો હતો. ઓગસ્ટમાં આ યોજનાને કેબિનેટ બેઠકમાં મંજૂરી પણ મળી ગઈ હતી. મુદ્રા, સ્વનિધિ અને વિશ્વકર્મા, ત્રણેય યોજનાઓ ભારતની માઈક્રો ઈકોનોમીની મજબૂતી માટે કરોડરજ્જુ સાબિત થઈ શકે છે. ત્રણેય લોન સ્કીમ છે. મુદ્રા યોજના અંતર્ગત ધંધા માટે પચાસ હજારથી દસ લાખ સુધીની લોન આપવામાં આવે છે, સ્વનિધિ યોજના અંતર્ગત શહેરી સ્ટ્રીટ વેન્ડરોને ગેરંટી વિના દસથી પચાસ હજાર સુધી લોન આપવામાં આવે છે અને હવે વિશ્વકર્મા યોજના અંતર્ગત સ્કિલ્ડ કારીગરોને ગેરંટી વિના લોન આપવામાં આવશે. વિશ્વકર્મા યોજના અંતર્ગત સુથાર, હોડી બનાવનાર, લુહાર, તાળું બનાવનારા, ટૂલકિટ બનાવનાર, સોની, કુંભાર, મૂર્તિકાર, જૂતાં બનાવનાર, દરજી, મિસ્ત્રી, ટોકરી-ચટાઈ બનાવનાર, પારંપરિક રમકડાં બનાવનાર, વાળંદ, ધોબી, વગેરે કારીગરોને ત્રણ લાખ સુધીની લોન મળશે. આ યોજનામાં નવા પ્રકારના આધુનિક હુનર જેમાં ગેઝેટ રિપેરિંગ, ઈલેક્ટ્રીકલ રિપેરિંગ, ઈન્વર્ટર-એસી-પંખા મિકેનિક, ડેન્ટલ ઈનસ્ટહમેન્ટ, હોસ્પિટલ ઈક્વીપમેન્ટ્સ, ટુવ્હીલર-કાર મિકેનિક વગેરેને સામેલ કરવા જોઈએ. આમ તો આનો કોઈ સત્તાવાર ડેટા નથી, પરંતુ અંદાજ અનુસાર દેશમાં પરંપરાગત સ્કિલ્ડ લોકોની સંખ્યા લગભગ ૫ કરોડથી વધારે હશે. ભારતમાં પરંપરાગત કારીગરીનો મજબૂત વારસો રહ્યો છે. મુદ્રા, સ્વનિધિ અને વિશ્વકર્મા યોજનાઓથી એ વારસો ફરીથી મજબૂત થશે. દુનિયા સ્કિલ્ડ બેઝ સમાજ તરફ આગળ વધી રહી છે, ભારતમાં પણ સ્કિલ ઈન્ડિયા કાર્યક્રમથી સ્કિલ્ડ વર્કફોર્સ તૈયાર થઈ રહ્યું છે, વિશ્વકર્મા યોજના અંતર્ગત પણ પહેલાં સ્કિલ પ્રશિક્ષણ આપવામાં આવશે, પછી વ્યાવસાય માટે બે ચરણમાં લોન આપવામાં આવશે. ભારતીય અર્થવ્યવસ્થાને ગતિ આપનારા નાના, લઘુ અને મધ્યમ વ્યવસાયની સાથે ટ્રેડિશનલ સ્કિલ્ડ લોકોને આર્થિક સહાયતાથી દેશની માઈક્રો ઈકોનોમી મજબૂત થશે. આ નાના-નાના પરિવર્તન દેશમાં મોટા બદલાવ લઈને આવશે. સરકારે આ પ્રકારની લોન યોજનાઓની માઈક્રો ફાઈનાન્સિંગને સંભાળવા અને રેગ્યુલેટ કરવા માટે એક વ્યાપક ફંડ સાથે અલગથી નાણાંકીય સંસ્થા બનાવવી જોઈએ. તેને વર્તમાન બેંકિગ સિસ્ટમથી અલગ રાખવી જોઈએ. સરકારે મુદ્રા અને સ્વનિધિ યોજનાનું ફીડબેક પણ લેવું જોઈએ જેથી વિશ્વકર્મા જેવી યોજનાને લાગુ કરવામાં મદદ મળે. માઈક્રો વર્કફોર્સમાં અર્થવ્યવસ્થાને મેક્રો બનાવવાની તાકાત છે. વિકસિત ભારત માટે સરકારે પોતાના વર્કફોર્સને પૂરી ક્ષમતાથી આર્થિક ગતિવિધિઓમાં સમાવેશ કરવું જરૂરી છે. આવી યોજનાઓ આર્થિક લોકતંત્રનું સપનું પૂરું કરશે અને સામાજિક ભેદભાવ ખતમ કરશે.

## ગણપતિના હાથીના મુખ પાછળની સાંકેતિક હકીકત છે

ગણેશ અને ગણપતિ શબ્દોનો અર્થ થાય છે ગણોના ઈષ્ટ અથવા અધિપતિ. આ દર્શાવે છે કે શિવના ગણોનું નેતૃત્વ ગણપતિને સોંપવામાં આવ્યું હતું. હવે શિવના ગણ અઘોર વૃત્તિના (સંસારથી વિમુખ ધ્યાન અને ભગવદ સ્મરણમાં લીન રહેનારા) અને આધ્યાત્મિક રીતે ઉન્નત હતા. તેમના પણ નેતા તરીકે જેમને નિમાયા છે તે એ બધાથી વધુ આધ્યાત્મિક રીતે ઉન્નત અને બુદ્ધિશાળી હોવા જોઈએ. આ બાબત એ તથ્યની શરૃઆત દર્શાવે છે કે ભગવાન ગણપતિની બુદ્ધિ અને સૃષ્ટિની ચેતના સાથેનું જોડાણ (intelligence) અગાઢ હતા. આ આગાઢ બુદ્ધિ અને બ્રહ્માંડીય સમજના કારણે જ તેમને સૌથી મોટા માથાવાળા પ્રાણી તરીકે હાથીના મુખવાળા દર્શાવવામાં આવે છે. જેને આ ક્ષણે બ્રહ્માંડમાં શું ચાલી રહ્યું છે, આ ક્ષણે શું સત્ય છે એની સ્પષ્ટ જાણકારી હોય તે કોઈપણ વિઘ્નને દૂર કરવાનો માર્ગ શોધી શકે છે. એટલે કે વિઘ્નો દૂર કરવા ઈન્દ્રિયાતિત બુદ્ધિની અવસ્થા જરૃરી છે. એ ગણપતિના હાથીના મુખ પાછળની સાંકેતિક હકીકત છે. તો, કાર્તિકેય એક મહાન યોધ્ધા છે, જ્યારે ગણેશ એક અગાઢ બુદ્ધિ ધરાવતા બ્રહ્માંડીય ચેતનાથી જોડાયેલા એક નેતા છે. ગણેશજીનું મોટું પેટ તેમના અહંકારને ઘોળીને પચાવી લેવાની સિદ્ધિનું પ્રતિક છે. સાથે તે સમૃદ્ધિનું પણ પ્રતિક છે. એક એવો વ્યક્તિ જે પોતાના અહંકારને જીતી ચૂક્યો છે, અને સાથે બ્રહ્માંડીય ચેતનાથી જોડાયેલી દિવ્ય સમજ ધરાવે છે, તે કોઈપણ જાતના વિઘ્નોને હટાવી ઈચ્છિત સમૃધ્ધિ મેળવી શકે છે. ગણેશજી દ્વારા જેની સવારી કરવામાં આવે છે તે ઉંદર ચંચળ મન અને ઈન્દ્રિયોનું પ્રતીક છે. જેણે પોતાના ચંચળ મન અને ઈન્દ્રિયોને કાબૂમાં લઈ લીધી છે, જેણે પોતાના અહંકારને ગોળીને પચાવી લીધો છે, અને જે બ્રહ્માંડની ચેતના સાથે જોડાયેલ છે તે અગાઢ બુદ્ધિવાળા મનુષ્ય જ કોઈપણ વિઘ્નને જીતી સિદ્ધિ મેળવી શકે છે. એવો વ્યક્તિ સંસારની ઈચ્છિત કોઈપણ વસ્તુ મેળવી શકે છે. આ રીતે ગણેશજી વિઘ્નહર્તા દેવ તરીકે મનુષ્યને સંસારની કોઈપણ ઈચ્છિત વસ્તુ આપવા સમર્થ છે. આ વાત તેમની સૂંઢ કઈ દિશામાં વળેલી તેના પરથી નક્કી થાય છે. સંસારીઓ જ્યારે ગણેશ ચતુર્થીના દિવસે પોતાના ઘરમાં ગણેશની સ્થાપના કરે ત્યારે તે ગણેશની સૂંઢ ડાબી બાજુએ વળેલી હોય છે. કારણકે તે મનુષ્યની ચેતનાની ઈડા નાડીનું પ્રતિનિધિત્વ કરે છે. ઈડા નાડી ચંદ્ર નાડી ગણાય છે જે ચંચળ ભાવનાઓ, પ્રેમ, સમૃધ્ધિની ઈચ્છા વગેરેને પ્રદર્શિત કરે છે. ડાબી બાજુ વળેલી સૂંઢના નીચે કે બાજુમાં ગણેશજીના ડાબા હાથમાં લાડુ હોય છે, જે સંસારની ઈચ્છિત મનોકામનાઓનું પ્રતિક છે. આ પ્રકારના ગણેશજી સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે માર્ગ નિર્વિઘ્ન બનાવવાનું યંત્ર મનાય છે. મંદિરોમાં જે ગણપતિની સ્થાપના હોય છે તે જમણી બાજુ વળેલી સૂંઢવાળા હોય છે. જમણી બાજુ વળેલી સૂંઢ પિંગલા નાડીનું પ્રતિનિધિત્વ કરે છે જે સૂર્ય નાડી ગણાય છે. તે સ્થિરતા, સાધના અને આદર્શવાદી વલણનું પ્રતિક છે. સત્યપ્રાપ્તી માટે મથતા સાધકો પોતાની સાથે અને મંદિરોમાં આ રીતના ગણેશની યંત્ર રૂપે સાધના કરે છે. સિધ્ધ યોગીઓ કે જેમને આત્મજ્ઞાન થઈ ચૂક્યું છે તે પોતાની પાસે સીધી સૂંઢ વાળા ગણપતિને યંત્ર તરીકે સ્થાપના કરે છે. એટલે આ રીતના ગણેશ બહુ ઓછા જોવા મળે છે. ગણેશ સ્થાપના અને વિસર્જનની ક્રિયા સનાતન ધર્મના યંત્ર માર્ગના વિજ્ઞાનની એક સુંદર ઝાંકી છે. એ બતાવે છે કે સનાતન ધર્મના મંદિરોમાં સ્થાપિત મૂર્તિઓ એક યંત્ર છે જે પોતાના સ્વરૃપ વડે એક નિશ્ચિત કાર્યને પાર પાડવામાં સાધકને સહાય કરે છે.

# હિંદુ ધર્મમાં ઋષિ શબ્દ બહુ મહત્વનો છે, જે સંસારી હોવા છતાં સંન્યાસી છે, અને તે સમાજ ઘડતર માટે બહું મહત્વની ભૂમિકા ભજવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમયની રેતી એકધારી હાથમાંથી સરી રહી છે અને કોઈ કાળ સામે બાથ ભીડીને વિજય થાય છે, અને કોઈ આમ જ હાર સ્વીકારી લે છે. કાળ સામે બાથ ભીડીને વિજયી થયેલા ઋષિપુરુષ એવા પપ્પાને આજે ઋષિ પાંચમ એ યાદ કરવા બહુ જ જરૂરી છે, ફક્ત હથિયાર હાથમાં લઈને જે યુદ્ધ લડે તેને જ વીર કહેવાતા નથી, સમય સંજોગો ને માત આપે તેને પણ વીર કહેવાય. સમાજમાં જેને ઋષિ તરીકે સમાજ વાસીઓએ માન આપ્યું હતું, તેવા દિવગંત આત્મા ના પરલોક ગમન ને ત્રણ વર્ષ ઉપર થઈ ગયું છતાં એ હજી પણ જીવંત અનુભવાય છે, અને સંતાનો તથા સમાજ તેના ગુણો ગાઈને ઋણ મુક્ત થવા કોશિશ કરે છે.આ જીવ તેના ગુણોનું સ્મરણ કરી તેમના પગલે જ્ઞાનની નવી ઉંચાઈ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. સમય રહેતા જેણે સમય ને સાધી લીધો તેને પણ ઋષિ કહેવાય છે, એ સત્ય શીખ એમનામાંથી ગ્રહણ કરીને આજે આપણે ઋષિ શબ્દ વિષે ચિંતન મનન કરીશું.

ભાદરવા સુદ પાંચમ ને આપણે ત્યાં રુષિપાચમ તરીકે ઉજવવામાં આવે છે. સ્ત્રીઓ ના મુખ્ય ગુણધર્મ એટલે કે ઋતુચક્રમાં આવવાના સમયે, વાણી, વર્તન, વ્યવહારમાં, કોઈ દોષ થયો હોય તો, તેનાથી નિવારણ કરવા માટે વર્ષમા એકવાર આ વ્રત કરવું, એવી વર્ષોથી પરંપરા રહી છે. જેથી કરીને આ વ્રત આપણે ત્યાં મોટેભાગે સ્ત્રીઓ કરતી જોવા મળે છે. આમ પણ વ્રતો મોટેભાગે સ્ત્રીઓના નસીબમાં લખાયા છે. તે છતાં મોટી ઉંમર થઈ જતા, પુરુષો પણ આ વ્રત કરતાં અમુક કુટુંબોમાં જોવા મળે છે. કોઈ વ્યક્તિનું મરણ થાય તેની પાછળ પણ આ વ્રત થતું જોવા મળે છે. ઋષિ જેવી સદગતિ મળે, અને ઋષિ તરીકેનો બીજો અવતાર પણ મળે એવી કંઈક માન્યતા આની પાછળ જોડાયેલી છે.

હિંદુ સનાતન ધારામાં ઋષિ અથવા મુનિ શબ્દ બહુ મહત્વનો છે ,અને ઋષિ શબ્દ બોલતા આપણા મન પણ એક પવિત્ર ભૂમિકામાં આવી જાય છે. ઋષિનો અર્થ જીવ પોતાની બુદ્ધિ પ્રમાણે કરે, તો "જે સંસારી હોવા છતાં પણ સંન્યાસી જેવું જીવન જીવે તે ઋષિ" પહેલાના કાળમાં આ ઋષિઓ અરણ્યમાં વસતા અને રાજા વગેરેના બાળકોને વિદ્યા પ્રદાન કરતા. તેમાં શ્રેણીઓ આવતી, કે રાજાના બાળકો આ ગુરુકુળમાં ભણવા જતા, અને અન્ય બીજે એ પ્રકારની એક વ્યવસ્થા હતી. તેનાથી આપણે પરિચિત છીએ. ઉપરાંત રાજાને પણ તેના પરિવારનું અને રાજ્યમાં કોઈ આવી ધાર્મિક જરૂરિયાત રહે, તો તેની માટે કુલ ગુરુ ઉપલબ્ધ રહેતા. ત્રેતા કાળમાં ઋષિ વશિષ્ઠ એ દશરથ ના કુળ ગુરુ તરીકે હતા, અને તે આપણે સૌ કોઈ જાણીએ છીએ. પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવનાર પણ એક ઋષિ જ હતા, જેને કારણે આપણને ભગવાન શ્રીરામ મળ્યા. રાક્ષસોના ત્રાસથી મુક્ત થવા માટે, વિશ્વામિત્ર ઋષિ દશરથ રાજા પાસેથી રામ-લક્ષ્મણને લઈ જાય છે, તે ઋષિ વિશ્વામિત્ર પણ એ પ્રખર પ્રજ્ઞાશાળી વ્યક્તિત્વ ધરાવતા ઋષિ હતા. અને કૈકેયી દ્વારા જ્યારે વનવાસ પ્રાપ્ત થયો, ત્યારે અરણ્યમા વસતા શ્રીરામ અને સીતા ને પણ કેટલા બધા ઋષિઓએ મદદ કરી. આ ઉપરાંત સીતાજીનો બીજી વખત જ્યારે ત્યાગ કરવામાં આવ્યો, ત્યારે લક્ષ્મણજી તેમને વનમાં છોડી ને પાછા આવે છે, ત્યારે સીતાજી વિશ્વામિત્રના આશ્રમમાં રહી અને લવ કુશ ને જન્મ આપે છે અને વાલ્મિકી લવકુશ ને વિદ્યા પ્રદાન કરે છે. આ ઉપરાંત પણ શંકર પાર્વતી જેમની પાસે હરિ કથા સાંભળવા જાય છે તે કુંભજ ઋષિનો ઉલ્લેખ પણ રામાયણમાં થાય છે, અને ધનુષ ભંગ વખતે દુર્વાસા મુનિના ક્રોધનો આપણને પરિચય મળે છે.આ બધા જ ઋષિઓ સમાજને કંઈક ને કંઈક શિક્ષા આપી છે. એટલે કહેવાની વાત એ છે, કે ઋષિ એ સમાજને ઉપર ઉઠાવવા માટે બહુ જ મહત્વની ભૂમિકા ભજવે છે. આપણે તેને સામાજિક વૈજ્ઞાનિક કહી શકીએ, કારણ કે સમાજનો વિકાસ તેના વગર શક્ય નથી. વિજ્ઞાનની દ્રષ્ટિએ થાય તે જ માત્ર વિકાસ હોતો નથી. આતંરિક સ્તરની ઊંચાઈ વધારે અને વૈચારિક શક્તિમાં નિર્મળતાની સાથે સાથે ઊંચાઈ પણ જ્યાં જોવા મળે તે બધા જ વ્યક્તિત્વ ઋષિ છે. ઉપરાંત તે સમયે પણ વૈજ્ઞાનિક જેવા ઋષિઓ હતા અને જેમણે અંતરિક્ષ વિજ્ઞાનમાં પણ મહત્વની શોધ કરી હતી, તો ગર્ભ ધારણની એટલે કે જીવ શરીરના અંગો અને શરીરના જનીનો વિશે પણ જેઓ જ્ઞાત હતા. કળિયુગમાં આવા વ્યક્તિત્વોને આપણે સાધુ પુરુષ કે બુદ્ધ પુરુષ કહીએ છીએ. જેના જીવન સંસારી હોવા છતાં પણ સન્યાસને પણ દીપાવે છે. આજની આ સામાજિક સ્થિતિ જોતા એવું લાગે છે કે ઋષિઓનું હોવું પણ આપણી માટે એક વરદાન સાબિત થાય, અને આપણે તેના જીવન ચરિત્ર પરથી બોધ મેળવી અને જીવી શકીએ. ઋષિ જેવા વ્યક્તિત્વો જ્યારે સમાજમાં આપણે જોઈએ, ત્યારે આપણને ખરેખર એ ઉમદા વ્યક્તિ તરફ ભાવ પણ થાય છે, અને તેના જેવું જીવન જીવવાનું મન પણ થાય છે પરંતુ આપણી જાગૃતિના અભાવે, આપણે એ તક ચૂકી જતા હોઇએ છીએ. આવું પણ વારંવાર થતું જ રહે છે, બાકી સમાજમાં ઋષિ જેવા વ્યક્તિત્વોની કંઈ ખોટ નથી. પણ ક્યારેક આપણી આંખે તે જોઈ શકતા નથી, અને ક્યારેય જોઈએ તો એ તક ચૂકી જતા હોઈએ છીએ.

આપણે ત્યાં મુખ્ય સાત ઋષિઓ એવા છે જેમણે કોઈને કોઈ રીતે સમાજના વિકાસમાં તે તેમનો મહત્વનો ફાળો છે માટે તેમને આપણે સપ્તર્ષિ એવું બહુ નામ આપ્યું છે. વેદ પ્રમાણે તે ઋષિઓ ના કાર્ય ને નામ નીચે મુજબ છે. આકાશમાં સાત તારાઓનુ એક મંડળ જોવા મળે છે. તેને સપ્તર્ષિઓનું મંડળ કહેવામાં આવે છે. ઉક્ત મંડળના તારાઓનુ નામ ભારતના મહાન સાત ઋષિ કે સંતોના આધાર પર જ મુકવામાં આવ્યુ છે. વેદોમાં ઉક્ત મંડળની સ્થિતિ, ગતિ, અંતર અને વિસ્તારની વિસ્તૃત ચર્ચા જોવા મળે છે. દરેક મનવંતરમાં સાત સાત ઋષિ થયા છે.

અહી રજુ છે વૈવસ્તવત મનુના સમયમાં જન્મેલા સાત મહાન ઋષિયોનો ટૂંકો પરિચય વેદોના રચેતા ઋષિ – ઋગ્વેદમાં લગભગ એક હજાર સૂક્ત છે. લગભગ દસ હજાર મંત્ર છે. ચાર વેદોમાં લગભગ વીસ હજાર છે અને આ મંત્રોના રચેતા કવિઓને આપણે ઋષિ કહીએ છીએ. બાકી ત્રણ વેદોના મંત્રોની જેમ ઋગ્વેદના મંત્રોની રચનામાં પણ અનેક ઋષિઓનુ યોગદાન રહ્યુ છે. પણ તેમા પણ સાત ઋષિયો એવા છે જેમા કુળોમાં મંત્ર રચેતા ઋષિઓની એક લાંબી પરંપરા રહી. આ કુલ પરંપરા ઋગ્વેદના સૂક્ત દસ મંડળોમાં સંગ્રહિત છે અને તેમા બે થી સાત મતલબ છ મંડળ એવા છે જેને આપણે પરંપરાથી વંશમંડળ કહીએ છીએ. કારણ કે તેમા છ ઋષિકુળોના ઋષિઓના મંત્ર એકત્ર કરવામાં આવ્યા છે.

વેદોનો અભ્યાસ કરવા પર જે સાત ઋષિઓ કે ઋષિ કુળના નામ વિશે જાણ થાય છે તે નામ ક્રમશ આ પ્રકારના છે. ૧. વશિષ્ઠ ૨. વિશ્વામિત્ર ૩. કળ્વ ૪. ભારદ્વાજ ૫. અત્રિ ૬. વામદેવ અને ૭. શૌનક.

વશિષ્ઠ ઋષિ, ત્રેતા કાળમાં રાજા દશરથ ના કૂલ ગુરુ તરીકે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી અને રામના જન્મ માટે તેઓ જવાબદાર છે તે વશિષ્ઠ ઋષિ થી કોણ પરિચિત નથી.

વિશ્વામિત્ર, તે પણ ત્રેતા યુગમાં જ હતા, વિશ્વામિત્ર ઈન્દ્રથી નારાજ થઈ અને ધરતી પર સ્વર્ગની ની રચના કરી હતી. આજના હરિદ્વાર સ્થિત શાંતિકુંજ છે ત્યાં આગળ વિશ્વામિત્રે ઘોર તપશ્ચર્યા કરી અને સ્વર્ગ સમાન ધરતી પર એક બીજું સ્વર્ગ નિર્માણ કર્યુ હતું અને આપણને ગાયત્રી મંત્ર ની ભેટ આપનાર પણ ઋષિ વિશ્વામિત્ર છે.

કણ્વ ઋષિ, શકુંતલા નામની પાલક પુત્રીનો ઉછેર અને ભરતનો જન્મ તેના આશ્રમમાં થયો હતો. શકુંતલા દુષ્યંત ના ગાંધર્વ લગ્ન અને આગળની બધી જ કથા કણ્વ ઋષિના સમયની ઘટના છે. ભારદ્વાજ ઋષિ, ભારદ્વાજ ઋષિ ત્રેતા યુગની શરૂઆતમાં ઋષિ છે, પિતા બૃહસ્પતિ અને માતા મમતા નુ તે સંતાન છે અને છતાં તે રામ જન્મ તથા રામ વનવાસ સમયે પણ તેનો ઉલ્લેખ આપણને રામાયણમાં મળે છે રામ વનવાસ વખતે શ્રીરામ તેમના આશ્રમમાં પણ ગયા હતા, તે કથા પણ આ ઋષિ સાથે જોડાયેલી છે.

અત્રિ – ઋગ્વેદના પંચમ મંડળના દ્રષ્ટા મહર્ષિ અત્રિ બ્રહ્માના પુત્ર, સોમના પિતા અને કર્દમ પ્રજાપતિ અને દેવહૂતિની પુત્રી અનુસૂયાના પતિ હતા. અત્રિ જ્યારે બહાર ગયા હતા ત્યાર ત્રિદેવ અનસૂયાના ઘરે બ્રાહ્મણના વેશમાં ભિક્ષા માંગવા લાગ્યા અને અનુસૂયાને કહ્યુ કે જયારે તમે તમારા સંપૂર્ણ વસ્ત્ર ઉતારી દેશો ત્યારે જ અમે ભિક્ષા સ્વીકાર કરીશુ. ત્યારે અનુસૂયાએ પોતાના સતિત્વના બળ પર ઉક્ત ત્રણેય દેવોને અબોધ બાળક બનાવીને તેમને ભિક્ષા આપી. માતા અનુસૂયાએ દેવી સીતાને પતિવ્રતનો ઉપદેશ આપ્યો હતો.

વામદેવ – વામદેવે આ દેશને સામગાન એટલે કે સંગીત આપ્યુ. વામદેવ ઋગ્વેદના ચતુર્થ મંડળના સૂત્તદ્રષ્ટા, ગૌતમ ઋષિના પુત્ર અને જન્મત્રયીના તત્વવેત્તા માનવામાં આવે છે.


શૌનક – શૌનક એટલે દસ હજાર વિદ્યાર્થીઓના ગુરૂકુળને ચલાવીને કુલપતિનું વિલક્ષણ સન્માન મેળવ્યુ અને કોઈપણ ઋષિએ આવુ સન્માન પહેલીવાર મેળવ્યુ. વૈદિક આચાર્ય અને ઋષિ જે શુનક ઋષિના પુત્ર હતા.

કાળની ગતિ પ્રમાણે જોઈએ તો કળિયુગ પછી સતયુગ નું પુનરાવર્તન થઈ શકે છે, ત્યારે આજે આ રુષિપાચમ ના વ્રતનુ ખરા અર્થમાં દરેકના જીવન માં ઋષિ નું મહાત્મ્ય વધે તેવું કંઈક કરવું ઘટે.ઋષિ ચરિત્રની વાત આપણે આજે રુષિપાચમે કરી, અને વ્રત થાય કે ન થાય પણ ઋષિ જેવું વ્યક્તિત્વ જ્યારે સમાજમાં આપણને જોવા મળે ત્યારે તેમાંથી કંઈ ને કંઈ ગ્રહણ કરવાનો સંકલ્પ તો આ દિવસે આપણે જરૂર કરવો રહ્યો. ઈશ્વર દરેકને ઋષિ જેવી સદ્બુદ્ધિ આપે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું આજે અહીં જ વિરમું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા સ્નેહવંદન અને જય સીયારામ.

# ભારતીય પ્રાચીન ઋષિ પરંપરા ઉજાગર કરતું વ્રત એટલે ઋષિ પંચમી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભાદરવો ભરપૂર આ વર્ષે રહે તેવી શક્યતા લાગે છે. ભાદરવાની શરૂઆતમાં મેઘરાજાએ ગુજરાત રાજસ્થાનના ઘણાખરા વિસ્તારમાં ધમાકેદાર આગમન કર્યું છે. ત્યારે નદી નાળા ડેમો છલકાય તો નવાઈ નહીં.

ભારતીય સંસ્કૃતિમાં સજીવ- નિર્જીવનું મહત્વ દર્શાવી પર્યાવરણની જાળવણી સાથે જીવમાત્રના સ્વાસ્થ્યની ચિંતા કરવામાં આવી છે.તેને ઉજાગર કરવા વ્રત તપ ઉપાસના આરાધના પૂજન અર્ચન થકી તેનો માનવ દ્વારા શ્રેષ્ઠ પ્રયાસ થાય તેવા પ્રયત્નો થયા છે. વિશ્વની દરેક સંસ્કૃતિ તેના આચાર વિચારની સાથે સ્થાનિક હવામાન પર્યાવરણ આધારિત હોય છે એટલે કોઈ ખરાબ છે તેવું માનવું વિચારવું એ મૂર્ખતાભર્યુ મનાશે. પરંતુ કોઈપણ સંસ્કૃતિના સારા પાસાને સ્વીકાર કરવી જોઈએ. આપણે પશ્ચિમી સંસ્કૃતિનું આધળું અનુકરણ કરી આપણી ભવ્ય સંસ્કૃતિની ધરોહર ગુમાવી અનેક રોગોના ભોગ બની દુઃખ અશાંતિના વમળમાં ગરકાવ થઈએ છીએ.આજે આપણે પ્રાચીન ઋષિપંચમીએ પરંપરા ભૂલ્યા છીએ એટલે જ સાચો માર્ગ મળતો નથી અને જીવન વેદના સભર લાગે છે.

આજે તા.૨૦/૦૯/૨૦૨૩ને ભાદરવા સુદ પાંચમ બુધવાર એટલે ઋષિ પાંચમ છે. ભાદરવા મહિનાના શુક્લ પક્ષની પાંચમને ઋષિ પાંચમનું વ્રત કરવામાં આવે છે. ઋપિ પાંચમના દિવસે સપ્ત ઋષિ કશ્યપ,અત્રિ,ગૌતમ, ભાર દ્વાજ,વિશ્વામિત્ર, જમદગ્નિ અને વસિષ્ઠનું સંપૂર્ણ વિધિથી પૂજા કરી મળે છે. કથા સાંભળવાનું મહત્ત્વ રહેલું છે. આ દિવસે બાજોઠ-પાટિયા પર સાત ઋષિ બનાવીને દૂધ, દહીં, ઘી, મધ તથા જળથી તેમના પર અભિષેક કરી ચોખા, ધૂપ, દીવો વગેરેથી તેમનું પૂજન કરવામાં આવે છે. ત્યારબાદ કથા સાંભળીને ધીથી હોમ કરવામાં આવે છે. આ વ્રત મહિલાઓ તથા યુવતીઓ માટે કરવાનું મહત્વ ગણવામાં આવ્યું છે. આ વ્રત પાપોનો નાશ કરીને શ્રેષ્ઠ ફળ આપનારું છે, શાસ્ત્રો અનુસાર, ઋષિ પાંચમ પર હળ થી ખેડેલા અનાજનુ સેવન કરવું અયોગ્ય માનવામાં આવે છે. જે મહિલાઓ ઋષિ પાંચમનું વ્રત કરે છે, તે સવાર-સાંજ બે સમય ફળો ખાઈને જ વ્રત કરે છે. ઋષિપંચમીએ ભાદરવા સુદ પને દિવસે ઉજવવામાં આવતું એક પર્વ છે.આ દિવસે બહેનો સ્ત્રીદોષો થી થતાં રોગોની મુક્તિ માટે વ્રત કરે છે. જેમા સામા નામનું ઋષિ ધાન્ય ફળાહાર કરીને નદીએ જઈને સ્નાન કરીને હિંદુ ધર્મનાં સાત ઋષિઓ જેવાકે, કશ્યપ, અત્રિ, ગૌતમ, ભારદ્વાજ, વિશ્વા મિત્ર, મદગ્નિ અને વિસષ્ઠની પુજા કરે છે.તેથી આ વ્રતને ઋષિ પાંચમ ઋષિ પંચમી અથવા સામા પાંચમ પણ કહે છે.

બ્રહ્મ પુરાણ અનુસાર ભાદરવા મહીનાના શુક્લ પક્ષમાં આવતી પાંચમની તીથીને ઋષિ પંચમી વ્રત કર્યું ન હતું, તરીકે મનાવવામાં આવે છે. પંચમી ખૂબ મહત્વ ધરાવે છે. પ્રકૃતિ પુજન અને ઋષિ પુજનનું મહત્વ આ તહેવાર દ્વારા આપણને જાણવા મળે છે.

માસિક ધર્મમાં આવતી બહેનો ખાસ આ વ્રત કરે છે.જે તે વ્યક્તિ નું પાપ કર્મ ઋષિ પાંચમના પર્વે જેટલીવાર ન્હાય એટલા વધુ પાપ ધોવાય છે તેવી માન્યતા પ્રચલિત છે .આ પર્વે શ્રદ્ધાળુઓ સવાર, બપોર અને સાંજ એમ ત્રણવાર તો સ્નાન કરે જ છે. તેમાંય જે સ્થળે કરવું. પાંડવોના પાપ ધોવાયા તે કોળીયાકના નિષ્કલંક મહાદેવ મંદિરના સમુદ્ર તટે તો જે ભાવિક-શ્રદ્ધાળુને ન્હાવાની તક મળે તે પોતાની જાતને ધન્ય ગણે છે. એક પૌરાણીક કથા પણ આ પવિત્ર તહેવાર સાથે જોડાયેલી છે.

વિદર્ભ દેશમાં એક ઉર્જાક ગ્રહણ કરવો. નામનો સદાચારી બ્રાહ્મણ રહેતો હતો. તેને સુશીલા નામની એક પતિવ્રતા પત્નિ હતી.આ બ્રાહ્મણને એક પુત્ર અને પુત્રી એમ બે સંતાન હતા. વિવાહ યોગ્ય થતાં તેણે પુત્રીના વિવાહ સમાન કુળ વાળા પરિવારમાં કર્યા.પરંતુ થોડા જ જરૂરી છે. દિવસોમાં તે વિધવા થઈ ગઈ. દુઃખી બ્રાહ્મણ દંપતી પુત્રી સાથે ગંગા તટે રહેવા લાગ્યા.

એક દિવસ બ્રાહ્મણ કન્યા સુતી હતી તે વખતે તેના શરીરમાં કીડા પડી ગયા. ઉત્તકે સમાધી લગાવીને જોયું તો તેને ખ્યાલ આવ્યો કે પૂર્વ જન્મમાં પણ તે બ્રાહ્મણી હતી અને રજસ્વલા હોવાં છતાં તે વાસણોને અડી ગઈ હતી.આ જન્મમાં તેણે બીજાનું જોઈને ઋષિ પંચમી વ્રત કર્યું ન હતું.

પિતાની આજ્ઞાનુસાર તેણે ભારતીય પંચાગ પ્રમાણે વસંત ઋષિ પંચમી વ્રત કર્યુ અને તેને સર્વ પાપોમાંથી મુક્તિ મળી.આ જન્મ માં તેણે સુખ ભોગવ્યું અને પછી ના જન્મે તેને અખંડ સૌભાગ્યની પ્રાપ્તી થઈ.આમ વ્રત માસિક ધર્મ માં આવતી બહેનોના પ્રભાવથી અખંડ સુખ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે,

ઋષિ પંચમી વ્રત કેવી રીતે કરવું સવારે વહેલા ઉઠીને સ્નાન કરી માટે કરજદાર રહેશે. સ્વચ્છ વસ્ત્ર ધારણ કરવા ત્યાર પછી ઘરમાં જ કોઈ પવિત્ર જગ્યાએ હળદરથી ચોરસ કરવું અને તેની પર સાત ઋષિઓની સ્થાપના કરવી. ત્યાર પછી સાતેય ઋષિઓનું વિવિધ ઉપચારો વડે પુજન કરવું અને નૈવેધ અર્પણ કરવું. ત્યાર પછી વ્રત કથા પ્રમાણે આરતી અને પ્રસાદ વિતરણ કરવો દિવસ દરમ્યાન માત્ર ફળાહાર કરવો.

આ પ્રમાણે સાત વર્ષ વ્રત કરીને આઠમા વર્ષે તેની પૂર્ણાહુતિ કરવી. છેલ્લે સાત બ્રાહ્મણ પતિ-પત્ની ઓને ભોજન કરાવી,દક્ષિણા આપીને વિદાય કરવાં.વ્રત કરતી વખતે બ્રહ્મચર્યનું પાલન કરવું. ઋષિ પંચમીના દિવસે કંદમૂળને બદલે વાડાના શાક ખાવામાં આવે છે. ખડધાનમાં સામો ઉપરાંત વાડા ના તમામ શાક પણ પાંચમના વ્રત માં ખવાય છે.જેમાં દુધી, તૂરીયા, ચીભડાં, ગલકા વગેરેનો સમાવેશ થાય છે.તે ઉપરાંત તમામ પ્રકારના ફળ ફ્રુટ પણ ખાઈ શકાય છે. આ પર્વે કંદમૂળના ભોજનનો નિષેધ હોવાથી કંદમૂળ એટલે કે સૂરણ- બટાટાનો ખાવામાં ઉપયોગ કરવો જોઈએ નહી.આ વ્રત કરવા પાછળનું કારણઃસમાજમાં જે પણ ઉત્તમ પરિભ્રમણ,પ્રથા પરંપરાઓ છે. તેમના પ્રેરણા ગુણ ઋષિઓ જ છે.તેઓએ અલગ -અલગ વિષયો પર મહત્વની શોધો કરી છે. વ્યાસજીએ સંપૂર્ણ વેદજ્ઞાનને સુબોધ્ધ પુરાણ જ્ઞાનના રૂપમાં રૂપાંતર કરી જ્ઞાન માટેનો માર્ગ વિશાળ કર્યો.

ચરક, સુશ્રુતાદિ તબીબી વિજ્ઞાન પર સંશોધન કર્યા.જમદગ્નિ- શલ્કચ એ આ વિજ્ઞાન પર શોધ- પ્રયોગો કર્યા વિશદે બ્રહ્મ વિધ્યા અને રાજનીતિ વિજ્ઞાન,વિશ્વા મિત્રએ ગાયત્રી મહાવિધ્યાનુ નારદજીએ ભક્તિ સાધનાનુ અનમોલ સૂત્ર આપ્યું હતું. પરશુરામે પદાનુક્રમમાં જાતિગત ભેદભાવોનું નિરાકરણ કર્યું. ભગીરથે જળ વિજ્ઞાનના મહત્વને સમજાવી ધરતી પર ગંગાવતરણ કર્યુ.પતંજલિએ યોગ વિજ્ઞાનની વિવિધ સાધનાના માર્ગો પ્રસ્તુત કર્યો. અન્ય ઋષિઓએ પણ વ્યાપક પ્રમાણમાં સમાજના હિતના કાર્યો કર્યા છે. જેમની માનવ જાતિ સદાય કરજદાર રહેશે.આ દરેક ઋષિ ભારતીય સંસ્કૃતિના પથ દર્શક, રાષ્ટ્રધર્મના સંરક્ષક, પ્રગતિ અને મુક્તિના ઉગારતા છે. આ કારણોસર તેની પર સાત ઋષિઓનીઋષિઓની મહાનતાને યાદ કરતા, આ દિવસે ઋષિઓની પૂજા કરવામાં આવે છે.

વાચક મિત્રો આપણી ભવ્ય સંસ્કૃતિમાં આહાર વિહાર રહેણી કરણીની સાથે સામાજિક વર્તુળ માં સુખ શાંતિ સમૃદ્ધિ સ્વાસ્થ્યપ્રદ જીવન કેવી રીતે જીવી શકાય તે ઉમદા રીતે બતાવ્યું છે. પવિત્ર સંસ્કૃતિના સારી બાજુનો જતી કરવી એમાં સમજદારી છે. ઋષિ મુનિઓ પણ આ ઉપદેશ આપી ગયા છે. સૌને ઋષિ પાંચમની શુભેચ્છા સહ..

# હરામની કમાણીનો અંજામ



પંજાબના 'ખન્ના' નામના શહેરમાં મેડિકલ સ્ટોર ચલાવનાર રમેશચંદ્ર શર્મા; તેમણે તેમના જીવનમાં એક પૃષ્ઠ ખોલી નાખ્યું.જે આવા બિઝનેસ સાથે જોડાયેલા વાચકોની આંખો ખોલી શકે છે, રમેશજી કહે છે કે મારો મેડિકલ સ્ટોર ખૂબ જ સારી રીતે ચાલતો હતો અને મારી આર્થિક સ્થિતિ પણ ઘણી સારી હતી. મારી કમાણી સાથે મેં જમીન અને કેટલાક પ્લોટ ખરીદ્યા અને મારા તબીબી સ્ટોરની સાથે ક્લિનિકલ પ્રયોગશાળા પણ ખોલી. હું અહીં અસત્ય નહીં બોલું . હું ખૂબ જ લોભી માણસ હતો, કારણ કે તબીબી ક્ષેત્રે ડબલ જ નહીં, ઘણી કમાણી કરી હતી. સંભવતઃ મોટાભાગના લોકો જાણતા નહીં હોય કે તબીબી વ્યવસાયમાં ૧૦ રૂપિયામાં આવતી દવા સરળતાથી ૭૦-૮૦ રૂપિયામાં વેચાય છે. પરંતુ કોઈએ મને ક્યારેક બે રૂપિયા પણ ઘટાડવાનું કહ્યું હતું, ત્યારે હું ગ્રાહકને ના પાડતો. વર્ષ ૨૦૦૮ માં એક વૃદ્ધ માણસ ઉનાળા દરમિયાન મારા સ્ટોર પર આવ્યો. તેણે મને ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન આપી. મેં દવા વાંચી અને બહાર કાઢી તે ડ્રગ બિલ ૫૬૦ રૂપિયા થઈ ગયું. પણ વૃદ્ધ માણસ વિચારતો હતો. તેણે તેના બધાં ખિસ્સાં ખાલી કર્યાં, પરંતુ તેની પાસે કુલ ૧૮૦ રૂપિયા હતા. હું તે સમયે ખૂબ જ ગુસ્સે હતો, કારણ કે મારે તે વૃદ્ધ વ્યક્તિની દવા લેવા માટે ઘણો સમય લેવો પડ્યો હતો અને તેની પાસે પૈસા પણ નહોતા. વૃદ્ધ માણસ દવા લેવાનો ઈનકાર પણ કરી શક્યો નહીં. કદાચ તેને દવાઓની તીવ્ર જરૂર હતી. ત્યારે વૃદ્ધે કહ્યું, ''મદદ કરો. મારી પાસે પૈસા ઓછા છે અને મારી પત્ની બીમાર છે.અમારાં બાળકો પણ અમને પૂછતાં નથી. હું વૃદ્ધાવસ્થામાં મારી પત્નીને મરતો જોઈ શકતો નથી. '' પરંતુ મેં તે સમયે તે વૃદ્ધની વાત? સાંભળી નહીં અને તેને દવા પાછી? મૂકવાનું કહ્યું. અહીં હું એક વાત કહેવા માંગુ છું કે હકીકતમાં તે વૃદ્ધ વ્યક્તિ માટેની દવાઓની કુલ રકમ ૧૨૦ રૂપિયા હતી. મેં તેમાંથી ૧૫૦ રૂપિયા લીધા હોત તો પણ મને ૩૦ રૂપિયાનો નફો થયો હોત.પણ મારા લોભે તે વૃદ્ધ લાચાર વ્યક્તિને પણ મેં છોડ્યો નહીં.

# કિડની અને લિવરના ખૂણે ખૂણેથી ગંદકી સાફ કરી દેશે આ સસ્તા ફ્રુટ્સ

એક રીતે જોવા જઈએ તો, કિડની આપણા શરીરમાં ચાળણીનું કામ કરે છે, તો લિવર આપણા શરીરની ફેક્ટરી છે. કિડની શરીરમાં જામી રહેલા હાનિકારક ટોક્સિનને ફ્લશ આઉટ કરી દે છે. તો વળી લિવર શરીર માટે ૫૦૦થી વધારે કામ કરે છે. બંને વિના શરીરનું કામ ચાલે નહીં. એટલા માટે બંને હેલ્દી હોવા જરુરી છે. જો કે, આજકાલ જે રીતે આપણા ખાન પાન થઈ ગયા છે, તેનાથી કિડની અને લિવર પર બિનજરુરી બોઝ વધી રહ્યો છે. તેનાથી લિવર અને કિડનીમાં ગંદકી જમા થવી સામાન્ય બાબત થઈ ગઈ છે. આમ તો લિવર અને કિડની બંને પોતાની સફાઈ ખુદ કરી લે છે, પણ સમય સમય પર લિવર અને કિડનીની સાફ કરવા માટે નેચરલ ફ્રુટ્સ મદદ કરી શકે છે. બજારમાં મળતા લિવર અને કિડની ડિટોક્સ પ્રોડક્ટસની તુલનામાં નેચરણ ફ્રુટ્સ વધારે ફાયદાકારક છે.

લાલ દ્રાક્ષ- સ્ટાઈલ ક્રેઝના જણાવ્યા અનુસાર લાલ દ્રાક્ષમાં પ્લાન્ટ કંપાઉડ ફ્લેવેનોઈડ્સ હોય છે, જે ઈંફ્લામેશનથી લડે છે. ઈંફ્લામેશનના કારણે લિવર અને કિડનીમાં ગંદકી જમા થાય છે. એટલા માટે લાલ દ્રાક્ષ લિવર અને કિડની માટે વરદાનનું કામ કરે છે. સમય સમય પર લાલ દ્રાક્ષનો જ્યૂસ પીવાથી કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. લેમન-ઓરેન્જ અને તરબૂચ જ્યૂસ- હેલ્થલાઈનના સમાચાર અનુસાર લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ



કિડનીને ખૂણે ખૂણેથી સફાઈ કરી દેશે. ફ્રુટ જ્યૂસ કિડની સ્ટોનથી બચાવે છે. તે લિવર માટે ફાયદાકારક છે. લેમન, ઓરેન્જ અને તરબૂચનો જ્યૂસ શરીરમાં ફ્લૂડનું બેલેન્સ કરે છે.

લીંબુ, તરબૂત અને સંતરા સાઈટ્સ ફ્રૂટ છે, જે કિડની અને લીવર માટે નેચરલ ફળ છે. આ તમામ ફળના મિક્સ જ્યૂસનું સેવન કરવાથી કિડનીના ફિલ્ટર સાફ થઈ જશે. રિપોર્ટ અનુસાર કિડનીમાં ગંદકી જામવાનું સૌથી મોટુ કારણ છે, કેલ્શિયમના નાના-નાના ક્રિસ્ટલ. જે કેલ્શિયમ ક્રિસ્ટલને ઓગાળી દે છે. જેથી આ ફ્રુટ સફાઈની સાથે સાથે કિડનીને સુરક્ષા પણ પ્રદાન કરે છે. તરબૂચ-તરબૂચ લિવર અને કિડની માટે ખૂબ જ ફાયદાકારક છે. તરબૂચમાં મળતા લાઈકોપેન કંપાઉડ એન્ટી ઈંફ્લામેટરી છે, જે લિવર અને કિડનીના સોજાને ખતમ કરે છે. તરબૂચનું પાણી કિડની ડેમેજ થતાં બચાવે છે. બેરીઝ અથવા સ્ટ્રોબેરી-હેલ્થલાઈનના સમાચાર અનુસાર ક્રેનબરી, બ્લૂબેરી, રસ્પબેરી, જાંબુ વગેરે ફળ કિડની અને લિવર બંને માટે ફાયદાકારક છે. તેમાં એન્ટીઓકિસડેંટ્સ અને ફાયટોકેમિકલ મળે છે, જે કિડનીના સેલ્સમાં ઓક્સિડેટિવ સ્ટ્રેસ અને ઈંફ્લામેશન માટે જોખમથી બચાવે છે. આ ફ્રુટ કિડની ડિટોક્સમાં ખૂબ જ ઉપયોગ થવા લાગે છે. ન્યૂટ્રિશન જર્નલ અનુસાર રોજ ક્રેનબેરીઝનો જ્યૂસ પીવાથી યૂરેનરી ટ્રેક્ટ ઈંફેક્શન થતું નથી. હાઈડ્રેંજિયા ફૂલ હોય છે. આ એક ઔષધીય છોડ અને તેના ફૂલ અલગ અલગ રંગના હોય છે. એક સ્ટડી પરથી જાણવા મળ્યું છે કે, ત્રણ દર્દીઓને હાઈડ્રેંજિયાનો રસ આપવામાં આવતા તેમની કિડની ડેમેજ પ્રતિ સુરક્ષામાં ઘણી વૃદ્ધિ તઈ હતી. હાઈડ્રેંજિયામાં રહેલ એન્ટી ઓક્સિડેન્ટ્સના કારણે કિડની સ્વચ્છ રહે છે. કિડનીમાં કોઈ પ્રકારની સમસ્યા હોય તો થોડા દિવસ સુધી હાઈડ્રેંજિયાની ચા જરૂર પીવી જોઈએ, જે નેચરલ ક્લિન્ઝરનું કામ કરે છે. દાડમ-દાડમ શરીર માટે સંપૂર્ણ પોષક તત્વ આપવાનું કામ કરે છે. તે ન ફક્ત લિવર અને કિડની પણ આખા શરીર માટે ફાયદાકારક છે. દાડમમાં પર્યાપ્ત માત્રામાં પોટેશિયમ હોય છે, જે કિડની અને લિવરની સફાઈ કરે છે. દાડમ કિડનીમાં સ્ટોન થતાં બચાવે છે. સામ્બોંગ ફૂલોનો એક છોડ છે, જે એશિયાઈ દેશોમાં મળી આવે છે. જે મુખ્યરૂપે ભારત અને ફિલિપાઈન્સમાં મળી આવે છે.

# આવું પણ બને, ખેડૂત ઈન્ટરનેટથી શીખ્યો ખેતી

કોરોનાકાળ બાદ મુલદ ગામના ભુપેન્દ્રભાઈ વસાવાએ ખેતી કરવાની શરૂઆત કરી હતી. તેમણે ઓનલાઈન રીસર્ચ કરીને પોતાના ખેતરમાં ઓર્ગેનિક પદ્ધતિથી ડ્રેગન ફ્રુટની ખેતી કરી છે. જેનું તેઓ પોતાના ખેતર બહાર જ વેચાણ કરી સારી આવક મેળવી રહ્યાં છે. ઝઘડિયા તાલુકાના મુલદ ગામમાં રહેતા ખેડૂત ભુપેન્દ્ર શાંતિલાલ વસાવા છેલ્લા સાડા ત્રણ વર્ષથી ખેતી સાથે સંકળાયેલા છે. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ અભ્યાસમાં ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગ કર્યું છે. તેમણએ ભરૂચ કોર્ટમાં ચાર વર્ષ તથા થોડો સમય ઝઘડિયા રજીસ્ટ્રારમાં પણ નોકરી કરી હતી. ત્યારબાદ કોરોના સમયે ખેડૂત સંપૂર્ણપણે ખેતી જોડાઈ ગયા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવાએ લોકડાઉનના સમયે ઓનલાઈન રિસર્ચ કરી ડ્રેગન ફ્રૂટની ખેતી કરવાનો વિચાર કર્યો. ડ્રેગન ફ્રુટએ ઓછા પાણીમાં થતા હોવાથી તેઓને આ ખેતી યોગ્ય લાગી. તો ત્રણથી ચાર ફાર્મમાં વિઝિટ પણ



કરી હતી. ત્યારબાદ ડ્રેગન ફ્રુટ વાવવા માટેના પોલ ગોંડલથી લાવ્યા હતા. ખેડૂત ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વસાવા ડ્રેગન ફ્રુટના રોપા કાઠીયાવાડથી લાવ્યા હતા. એક રોપાનો ભાવ ૫૫ રૂપિયા હતો. ખેડૂતે પોતાની ૧.૫ વિંઘા જમીનમાં ડ્રેગન ફ્રુટના ૯૦૦ પ્લાન્ટ વાવ્યા છે. ડ્રેગન ફ્રુટની વાત કરીએ તો તે ઠંડા વાતાવરણમાં વધુ પ્રમાણમાં થાય છે. ચોમાસામાં તેનું ઉત્પાદન વધુ જોવા મળે છે. ડ્રેગન ફ્રુટ વાવ્યા બાદ તે લાંબા સમય એટલે કે તેનો પાક ૨૦ થી ૨૫ વર્ષ સુધી ચાલે છે. ડ્રેગન ફ્રુટનું ફળ ૧.૫ વર્ષે આવે છે. ખેડૂત અને તેઓના પત્ની રીટાબહેન વસાવાએ લોકડાઉનના સમયે સંપૂર્ણપણે જાતે જ મહેનત કરીને ડ્રેગન ફ્રુટની ખેતી કરી છે.

# હાઇ બ્લડ પ્રેશરથી બચવા ખાઓ આ 3 ફ્રૂટ્સ, કોઇ દવા નહીં લેવી પડે

ખરાબ લાઈફ સ્ટાઈલની અસર હેલ્થ પર વધારે પડે છે. ખરાબ લાઈફ સ્ટાઈલને કારણે અનેક લોકોને હાઈ બ્લડ પ્રેશરની તકલીફ થતી હોય છે. આ સમસ્યાથી બચીને રહેવુ ખૂબ જરૂરી છે. ડોક્ટર પણ બ્લડ પ્રેશરથી બચવા માટેની સલાહ આપતા હોય છે. આજની આ ફાસ્ટ લાઈફમાં લોકો જાતજાતની બીમારીઓથી પીડાતા હોય છે. ભારતમાં હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓની સંખ્યામાં દિવસને દિવસે વધારો થતો જાય છે. હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો ખરાબ લાઈફ



સ્ટાઈલ આ પાછળ જવાબદાર હોય છે. સોલ્ટી ફૂડ્સમાં સોડિયમ કન્ટેન્ટ વધારે હોય છે જેના કારણે હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા થાય છે. આ સિવાય ઓઈલ ફ્રી પ્રોસેસ્ડનું વધારે સેવન કરવાથી ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જમા થવા લાગે છે. આ કારણે બ્લોકેજ થઈ જાય છે અને



બ્લડ ફ્લોમાં તકલીફ થાય છે. એવામાં લોહીને હાર્ટ સુધી પહોંચવામાં દબાણ પડે છે જેને હાઈ બીપીની તકલીફથી ઓળખવામાં આવે છે. જ્યારે બ્લડ પ્રેશર વધી જાય ત્યારે હાર્ટને લગતી બીમારીઓ શરૂ થઈ જાય છે. આમાં હાર્ટ એટેક, હાર્ટ ફેલિયર, કોરોનરી આર્ટરી ડિસીઝ અને



ટ્રિપલ વેસલ ડિસીઝનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે જ્યારે તમે સ્ટ્રેસ તેમજ ટેન્શનમાં હોવ છો ત્યારે હાઈપરટેન્શનની ફરિયાદ રહેતી હોય છે. એવામાં ગુસ્સો પણ વધારે આવે છે. તો જાણો કયા ૩ ફ્રૂટ્સ ખાવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓએ કેળા જરૂર ખાવા જોઈએ. આ એક કોમન ફ્રૂટ છે. મોટાભાગના લોકોને કેળા ખાવાનું ગમતુ હોય છે. કેળામાં પોટેશિયમની માત્રા ભરપૂર હોય છે જે હાઈપરટેન્શનની સમસ્યાને ઓછી કરી શકે છે. આમ, તમને હાઈ બીપીની તકલીફ છે તો તમે કેળા ખાવાનું શરૂ કરી દો. સામાન્ય રીતે સંતરા ઈમ્યુનિટી ઈમ્યુનિટી બુસ્ટ કરવા માટે ખાવામાં આવે છે, કારણકે સંતરામાં વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે. પરંતુ સંતરા ખાટા ફળ હોવાથી સિટ્રસ એસિડ હોય છે જે બ્લડ પ્રેશરને વધતા રોકવાની તાકાત ધરાવે છે. સફરજન એક ફાયદાકારક ફ્રૂટ છે.

BOLLYWOOD NEWS FLASH

**શબાના આઝમીએ પોતાના કરિયરમાં ૧૬૫ થી વધુ ફિલ્મોમાં ઘણા મહાન પાત્રો વડે દર્શકોના દિલ જીતી લીધા**



# શબાના આઝમીએ પોતાનો ૭૩મો જન્મદિવસ ઉજવ્યો

। મુંબઈ, તા.૧૯ ।

શબાનાના જન્મદિવસ પર બોલિવૂડ સ્ટાર્સે સોશિયલ મીડિયા દ્વારા તેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. શબાનાના ચાહકોએ પણ તેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. શબાના આઝમીએ પોતાના કરિયરની શરૂઆત વર્ષ ૧૯૭૪માં ફિલ્મ અંકુરથી કરી હતી. બોલિવૂડ અભિનેત્રી શબાના આઝમી આજે પોતાનો ૭૩મો જન્મદિવસ ઉજવી રહી છે. શબાના આઝમીએ ૭૦ અને ૮૦ના દાયકામાં બોલિવૂડ પર રાજ કર્યું હતું. શબાના આઝમીએ પોતાના કરિયરમાં ૧૬૫થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. શબાનાના પિતા કૈફી આઝમી પ્રખ્યાત કવિ અને ગીતકાર હતા. કૈફી આઝમી પણ તેમના સમયના લેખન જગતમાં સ્ટાર હતા. શબાનાની માતા પણ થિયેટર આર્ટિસ્ટ હતી. શબાનાને કલાની સમૃદ્ધિ વારસામાં મળી હતી.

ફિલ્મી માહોલમાં ઉછરેલી શબાના આઝમીએ બાળપણથી જ કલાને અપનાવી હતી. શબાના આઝમીએ ૭૦ના દાયકામાં કલાત્મક ફિલ્મોમાં કામ કર્યું હતું. તે પેરેલલ સિનેમાની શક્તિશાળી અભિનેત્રી પણ રહી. શબાના આઝમીએ ઘણી કોમર્શિયલ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. શબાના આઝમીએ ૭૦ અને ૮૦ના દાયકામાં ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે. રાજેશ ખન્ના સાથે શબાનાની ૭ ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. દર્શકોએ તેમની જોડીને ઘણો પ્રેમ આપ્યો અને એક પણ ફિલ્મ ફ્લોપ નથી થઈ. આજે પણ શબાના આઝમી લોકોમાં સિનેમાના સમૃદ્ધ વિચારોને શેર કરવાનું ચાલુ રાખે છે. શબાના આઝમી પોતાના કરિયરની સાથે અંગત જીવનને લઈને પણ ઘણી ચર્ચામાં રહી હતી. શબાના આઝમીનો બોલિવૂડના પ્રખ્યાત નિર્દેશક શેખર કપૂર સાથે ૧૦ વર્ષનો સંબંધ હતો.



# બોલિવૂડ એક્ટ્રેસ ઝરીન ખાન વિરુદ્ધ ધરપકડ વોરંટ

। મુંબઈ, તા.૧૯ ।

બોલીવુડ અભિનેત્રી ઝરીન ખાનને લઈને એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહેવાલ અનુસાર કોલકત્તાની સિયાલદહ કોર્ટે ઝરીન ખાનના નામ પર ધરપકડ વોરંટ ઈશ્યૂ કર્યું છે. હકીકતમાં અભિનેત્રી વિરુદ્ધ અહીં એક કંપનીએ ફરિયાદ દાખલ કરાવી હતી. અભિનેત્રી વિરુદ્ધ વર્ષ ૨૦૧૮માં ૬ આયોજનોમાં સામેલ થવા પર ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી. તેના પર કોલકત્તા અને ઉત્તર ૨૪ પરગનામાં ૬ કાલી પૂજા કાર્યોક્રમોમાં સામેલ ન થવાની ફરિયાદ મળી હતી. એક ફરિયાદ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની તરફથી નારકેલડાંગા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ નારકેલડાંગા પોલીસે સિયાલદહ કોર્ટમાં આરોપ પત્ર રજૂ કર્યું હતું. આ મામલે હજુ અભિનેત્રીની કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. ઝરીન ખાને પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત વર્ષ ૨૦૧૦માં સલમાન ખાનની સાથે ફિલ્મ વીરથી શરૂ કર્યું હતું. ફિલ્મ દ્વારા અભિનેત્રીને ખુબ ફેમ મળી હતી. પરંતુ થોડા સમય બાદ દર્શકોએ અભિનેત્રીના કામની પ્રશંસા કરવાની જગ્યાએ તેના લુક્સની તુલના અભિનેત્રી કેટરીના કેફ સાથે કરવાનું શરૂ કરી દીધુ.

**સંજીતાને જ્યારે ખબર પડી કે તેને શાહરૂખ ખાન સાથે કામ કરવાની તક મળી રહી છે ત્યારે તે આશ્ચર્યચકિત થઈ હતી**



# શાહરુખ ખૂબ જ સરળ છે, અમે બધા સેટ પર એક જ રીતે રહેતા હતા

। મુંબઈ, તા.૧૯ ।

'જવાન'માં જોવા મળેલી સંજીતા ભટ્ટાચાર્યને જ્યારે ખબર પડી કે તેને શાહરૂખ ખાન સાથે કામ કરવાની તક મળી રહી છે ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં સંજીતાએ જણાવ્યું હતું કે તે 'જવાન'ના સેટ પર શાહરૂખ ખાનને ઘણા પ્રશ્નો પૂછતી હતી. અભિનેત્રીના કહેવા પ્રમાણે, તેના મનમાં જે પણ આવતું, તે કિંગ ખાનને કોઈ પણ સંકોચ વિના પૂછતી. જેમાં શાહરૂખ ખાનની બ્લેક કોફી અને બ્લેક વોટર સાથે જોડાયેલા સવાલો પણ સામેલ હતા. તમને જણાવી દઈએ કે સંજીતાએ 'જવાન'માં હેલેના નામની હેકરની ભૂમિકા ભજવી છે. શાહરૂખ સાથેની તેની વાતચીતને યાદ કરતાં સંજીતાએ કહ્યું, હું તેને કંઈપણ, બધું પૂછતી, જેમ કે આ પાણી શું છે, આ પરફ્યુમ ક્યું છે.' સંજીતા સિવાય લહર ખાને એમ પણ કહ્યું કે શાહરૂખ ખાન તેના દરેક સવાલોના જવાબ ખુશીથી આપતા હતા. તો બીજી તરફ, સંજીતાએ કહ્યું, તેણે તમામ પ્રશ્નોના જવાબ આપ્યા અને કહ્યું કે તે બ્લેક વોટર છે, પી ને જોઈલો. ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે શાહરૂખ સાથે તેની વાતચીત કેવી રીતે શરૂ થઈ. સંજીતાએ કહ્યું, વાતચીત પહેલા તેની બાજુથી શરૂ થઈ. તેણે હમણાં જ પૂછ્યું કે તમે ક્યાંના છો. પછી અમે વાત શરૂ કરી. મેં કહ્યું દિલ્હી, તેણે કહ્યું દિલ્હીમાં ક્યાં? મેં કહ્યું, રાજેન્દ્ર નગર, આના પર તેણે કહ્યું, 'મારી શાળા રાજેન્દ્ર નગરમાં હતી.

**રાજ મહેતા આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે અને ટૂંક સમયમાં જ ઈમ્તિયાઝ અલી પણ તેમાં જોડાઈ શકે છે**

# ૭ વર્ષ બાદ સાથે કામ કરી શકે છે શાહિદ અને કરીના



। મુંબઈ, તા.૧૯ ।

૨૦૦૭માં રિલીઝ થયેલી ફિલ્મ 'જબ વી મેટ'એ શાહિદ કપૂર, કરીના કપૂર અને ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીના જીવનમાં ઘણો બદલાવ લાવ્યો હતો. આ ફિલ્મ માત્ર બોક્સ ઓફિસ પર જ હિટ રહી ન હતી, પરંતુ વિવેચકોએ પણ ફિલ્મની ખૂબ પ્રશંસા કરી હતી. કરીનાને આજ સુધી આ ફિલ્મમાં તેમના રોલ માટે યાદ કરવામાં આવે છે. હવે સાંભળવા મળી રહ્યું છે કે ૧૬ વર્ષ બાદ આ ફિલ્મની સિક્વલ બનાવવાની યોજના બનાવવામાં આવી રહી છે. રિપોર્ટ મુજબ, આ દિવસોમાં ફિલ્મ ડેવલપમેન્ટ સ્ટેજમાં છે. રાજ મહેતા ફિલ્મને પ્રોડ્યુસ કરશે અને ટૂંક સમયમાં ઈમ્તિયાઝ અલી પણ તેમાં જોડાઈ શકે છે. એવી ચર્ચા છે કે મેકર્સ આ અંગે કરીના કપૂર અને શાહિદ કપૂર સાથે પણ વાત કરી રહ્યા છે. જો બંને આ ફિલ્મ માટે સહમત થાય તો શાહિદ-કરીના ૭ વર્ષ પછી એક વખત સાથે કામ કરતા જોવા મળી શકે છે. બંનેએ છેલ્લે ૨૦૧૬માં રિલીઝ થયેલી 'ઉડતા પંજાબ'માં સાથે કામ કર્યું હતું. જો કે, બંનેએ ફિલ્મમાં સ્ક્રીન સ્પેસ શેર કરી નથી.ફિલ્મ જબ વી મેટ'ની સિક્વલ વિશે ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે આ વર્ષે મુંબઈના કેટલાક થિયેટરોમાં ફિલ્મ ફરીથી રિલીઝ થઈ. આ પ્રસંગે ચાહકોનો ઉત્સાહ જોઈને નિર્માતાઓએ તેની સિક્વલ બનાવવાનું નક્કી કર્યું. ફિલ્મમાં કરીનાનું પાત્ર ગીત ખૂબ જ લોકપ્રિય થયું હતું. આ તેમની કારકિર્દીના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનમાંથી એક માનવામાં આવે છે અગાઉ, જ્યારે શાહિદને પૂછવામાં આવ્યું હતું કે શું તે તેની સિક્વલ પર કામ કરશે તો તેમણે કહ્યું હતું કે તે સ્ક્રિપ્ટની ગુણવત્તા પર આધારિત છે. જો તે મૂળ ફિલ્મની વાર્તા સાથે મેળ ખાશે તો હું ચોક્કસ કરીશ.

### ઇકો-ફ્રેન્ડલી ગણેશોત્સવ : શ્રદ્ધા સાથે પ્રકૃતિ સંરક્ષણ

# અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના આંગણવાડીના ભૂલકાઓ દ્વારા ઇકોફ્રેન્ડલી ગણેશ પ્રતિમા બનાવાઈ

### બાળકો દ્વારા ગામની માટી વડે, પીપળના પાન વડે તથા વેસ્ટ કાગળમાંથી ગણપતિ પ્રતિમા બનાવી ગણેશ ચતુર્થીની સાર્થક ઉજવણી કરાઇ





। અમદાવાદ, તા.૧૯ ।

આજથી વિઘ્નહર્તા ગણપતિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઠેર-ઠેર વિઘ્નહર્તાનું ધામધૂમથી આગમન થઈ રહ્યું છે. પર્યાવરણ અને આરોગ્ય બંનેને ઉત્તમ રાખવા માટીના ઈકોફ્રેન્ડલી ગણપતિનું સ્થાપન જ શ્રેષ્ઠ વિકલ્પ છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના આંગણવાડીના ભૂલકાઓ દ્વારા ઈકોફ્રેન્ડલી ગણપતિ પ્રતિમા બનાવી ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. સાણંદ તાલુકાના અણિયાળી ગામ, કુંવાર ગામ અને વાસણા ઈયાવા ગામના આંગણવાડીના ભૂલકાઓ દ્વારા પર્યાવરણનું જતનના સંકલ્પ સાથે ઈકોફ્રેન્ડલી ગણપતિ પ્રતિમા બનાવી અનોખી રીતે ગણેશચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. અણીયાળી ગામના બાળકો દ્વારા સ્થાનિક કાળી માટી વડે ગણપતિ બનાવાયા હતા. તો કુંવાર ગામના બાળકો દ્વારા પીપળના પાન વડે સુંદર ગણપતિ બનાવાયા હતા. આ ઉપરાંત વાસણા ઈયાવા ગામના બાળકો દ્વારા વેસ્ટ કાગળમાંથી ગણપતિ બનાવાયા હતા. આમ, સાણંદ તાલુકાના આંગણવાડીના બાળકો દ્વારા 'પ્રકૃતિ સંવર્ધન' ના સંકલ્પ સાથે ઈકોફ્રેન્ડલી માટીના ગણપતિ બનાવી ગણેશ ચતુર્થીની સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી ગણપતિની મૂર્તિએ ત્રણેય ગામોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ અંગે સાણંદ તાલુકાના ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફિસર શ્રી જાગૃતિ રાવલ જણાવે છે કે, બાળકો પોતાના બાળપણથી જ પર્યાવરણના જતન અંગે સંકલ્પબદ્ધ બને અને તહેવારો વિશેની સમજ કેળવી અનોખી રીતે ઉજવણી કરે તે હેતુથી આ પ્રકારનું આયોજન કરાયું છે. જેમાં તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે પણ ઈકો ફ્રેન્ડલી ગણેશ ઉત્સવને આવકાર્યો છે. સરકાર દ્વારા પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિથી પર્યાવરણને થતા નુકશાન અટકાવવા અને ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓના વધુમાં વધુ ઉપયોગ દ્વારા જનભાગીદારી થકી પર્યાવરણને બચાવવાની દિશામાં પ્રયાસ કર્યા છે.

કોરોનાકાળમાં આપણે સ્વાસ્થ્ય અને પ્રકૃતિ બંનેનું મહત્વ સમજ્યા છીએ ત્યારે પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરવું પણ એટલું જ મહત્વનું છે. જેથી આપણને શુદ્ધ વાતાવરણ , શુધ્ધ પાણી અને હવા મળી રહે અને આરોગ્યપ્રદ જીવન જીવી શકાય.

# ઝાલોદ ઝાલા વસૈયા ચોકમાં આદિવાસી સુરક્ષા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૯ ।

આદિવાસીઓમા સામાજિક એકતા, જાગરૂકતા અભિયાનને લઈ તારીખ ૯ ઑગસ્ટ વિશ્વ આદિવાસી દિવસથી આદિવાસી ગણનાયક બીરસા મુંડાના ગામ અલીહાતું ઝારખંડ થી આ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં ફરવાની છે. આ યાત્રા ૫૪ દિવસની છે. આ આદિવાસી યાત્રા ૨ ઓક્ટોબરના દિવસે સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના દઢગાવ ખાતે પૂર્ણ થનાર છે. આદિવાસી સુરક્ષા યાત્રા આજ રોજ ૧૯-૦૯-૨૦૨૩ મંગળવારના રોજ ઝાલોદ મુકામે પહોંચી હતી. આ યાત્રા મુવાડા ઝાલા વસૈયા ચોક થી થઈ ડીજે સાથે નીકળી હતી. આ યાત્રા રાજસ્થાનના વિસ્તારો માં જવા માટે નીકળી હતી.

# આયુષ્યમાન ભવ : મહાઅભિયાન અંતર્ગત સિહોર ખાતે રક્તદાન શિબિર યોજાઇ

। ભાવનગર, તા.૧૯ ।

ભાવનગર જિલ્લા સહિત સમગ્ર ભારતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મિશન એવા "આયુષ્યમાન ભવઃ" મહાઅભિયાનનાં ઉપલક્ષ્યમાં તા.૧૭-૦૯-૨૩ રવિવારના રોજ તાલુકા હેલ્થ ઓફીસ સિહોર દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર સિહોર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ચંદ્રમણીકુમાર પ્રસાદ અને ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રીનાં માર્ગદર્શન અને અધ્યક્ષસ્થાને રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને રક્તદાન શિબિરનો પ્રારંભ કરવામાં આવેલ હતો. રક્તદાન શિબિરમાં રક્તદાતા તરીકે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ પ્રથમ રક્તદાન કરીને જનસમુદાય અને લાભાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતા.

# રાજપીપળા ખાતે મહારાષ્ટ્રીયન જગતાપ દંપતિએ પોતાના ઘરે ગીરની ગાયના છાણમાંથી બનાવેલા ઇકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિની વિધિવત સ્થાપના કરી



। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૯ ।

આજથી શરૂ થતા ગણેશ મહોત્સવ પ્રસંગે રાજપીપળા ખાતે મહારાષ્ટ્રીયન જગતાપ દંપતિએ વોઈસ ઑફ નર્મદાના તંત્રી જ્યોતિબેન જગતાપ અને જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપે પોતાના ઘરે ગીરની ગાયના છાણમાંથી બનાવેલા ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિની વિધિવત સ્થાપના કરી હતી. અને લોકોને પર્યાવરણનો મેસેજ આપતા જણાવ્યું હતું કેઅમે દર વર્ષે અમારા ઘરે માટીની મૂર્તિની સ્થાપના કરતા હતાં. પણ આ વખતે અમે માત્ર ગાયના છાણમાંથી બનાવેલઈકો ફ્રેન્ડલી ગણપતિની મૂર્તિની સ્થપના કરી છે.

મોટી મૂર્તિનો મોહ ન રાખતા નહીં પણ નાની મૂર્તિ રાખીએ અને પીઓપીની મૂર્તિ નહીં પણ માટીની અથવા ગાયના છાણમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડલી મૂર્તિની સ્થાપના કરીએ. એનાથી પર્યાવરણની જાળવણી થશે. નદી પ્રદૂષિત થતી અટકશે. જ્યોતિબેન જગતાપે જણાયું હતું કે અમે ગૌ પશુપાલક રાજેશભાઈ વસાવાને ત્યાંથી બનાવેલી ગીરના ગાયના છાણમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ ની સ્થાપના કરી છે. અમારું ટેરેસ ગાર્ડન છે એમાંવિસર્જન વખતે ડોલમાં વિસર્જિત કરીએ પાણી છોડ કુંડામાં નાખી દેવાથી એ ખાતર બની જશે.

# જસદણમાં ગણેશ મહોત્સવનો શુભારંભ



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૯ ।

જસદણ શહેરમાં આજથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થતાં ભાવિકજનોમાં અનોખો થનગનાટ પ્રવર્તી રહ્યો છે આજથી જસદણ શહેરના આદમજીરોડ, ચિત્તલિયાકુવા રોડ શાકમાર્કેટ ટાવરચોક ખાસ કરીને શહેરના મોતીચોક કા રાજાએ ૧૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અહી સવાર સાંજ આરતીમાં ભાવિકોની ભારે ભીડ ઉમટે છે આટકોટરોડ લાતીપ્લોટ બજરંગનગર મફતિયાપરા વાજસુરપરા જેવાં અનેક સ્થળો પર વાજતે ગાજતે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી આ અવસરે જસદણ જીઆઈડીસી એસોસિએશન અને જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી વિજયભાઈ રાઠોડ અને જસદણ નગર પાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ શ્રી અલ્પેશભાઈ રૂપારેલિયાએ દરેક શહેરીજનોને શુભેચ્છા પાઠવી હતી તેમણે જણાવ્યું હતું કે વિઘ્નહર્તા શ્રી ગણપતિ બાપ્પા દરેકની મનોકામના સિદ્ધ કરે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર હેઠળ દેશ હજું વધું પ્રગતિ કરે એવી બંન્નેએ અંતમાં શુભકામના પાઠવી હતી.

# આતરસુંબા ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા રાજ રાજેશ્વરી શ્રી તુળજા ભવાની માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાયો



। રાજેશ શર્મા નડિયાદ તા.૧૯ ।

કપડવંજ તાલુકાના ઐતિહાસિક નગર આતરસુંબા ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા શ્રી રાજ રાજેશ્વરી માં તુળજા ભવાની અને શ્રી હરસિદ્ધ ભવાની માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો.

ઠાકોરવાસ ખાતે આવેલ માતાજીના મંદિર ખાતે આ પ્રસંગે પુજા અર્ચના, મહાયજ્ઞ અને મહા પ્રસાદ સહિતની વિવિધ ધાર્મિક વિધિમાં ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ જોડાઈ માતાજીના દર્શન કરી આશિર્વાદ મેળવ્યા હતા.

બે દિવસ ચાલેલ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મહાયજ્ઞ, ધાર્મિક વિધિ અને રાસ ગરબા સહિતના કાર્યક્રમો ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયા હતા. આતરસુંબા ઠાકોરવાસ અને ગલાબપુરાના ક્ષત્રિય ઠાકોર સમાજના એકાવન ભાવિક ભક્તોએ આ પ્રસંગે મહાયજ્ઞના પાટલે બેસી માતાજીની પુજા અર્ચના તેમજ આરાધના કરી આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, આતરસુંબા પૂર્વ સરપંચ અને ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, આતરસુંબા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન શ્રી માણેકભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ધનશ્યામભાઈ પટેલ, આતરસુંબા પૂર્વ સરપંચ શ્રી અને કપડવંજ તાલુકા ભાજપ કિસાન મોરચાના આમંત્રિત સદસ્યશ્રી રાજેન્દ્રસિંહ શનાજી પરમાર, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કારોબારી સદસ્ય શ્રી સુરેશભાઈ વી. પરમાર, શ્રી હરીશભાઈ સોની, શ્રી રમણભાઈ ભોઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આતરસુંબા ઠાકોરવાસ અને ગલાબપુરા ઠાકોર ક્ષત્રિય સમાજના સર્વે યુવાનો તથા વડીલોએ ખૂબ જ સુંદર આયોજન કરી આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ટીબી મુક્ત ઉમરપાડા" કાર્યક્રમ અંતર્ગત ૭૦ દર્દીઓને છ માસ માટે દત્તક લઈ ન્યુટ્રીશન કીટ આપવાનો પ્રારંભ કરાયો




। સુરત, તા.૧૯ ।

સુરત જિલ્લાના અંતરિયાળ ઉમરપાડા ખાતે તાલુકા આરોગ્ય કચેરી ઉમરપાડા અને અદાણી ફાઉન્ડેશન, હજીરા દ્વારા "ટીબી મુક્ત ઉમરપાડા" અંતર્ગત માજીમંત્રી અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવા અને અદાણી હજીરા પોર્ટના મરીન સર્વિસના જનરલ મેનેજર કેપ્ટન આશિષ સિંઘલના હસ્તે ટીબી ગ્રસ્ત દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપવાનો પ્રારંભ કરાયો હતો.

આ કાર્યક્રમમાં ઉમર પાડા તાલુકાના નિદાન થયેલા ૭૦ જેટલા ટીબી દર્દીઓને પ્રધાનમંત્રી નિક્ષય પોષણ યોજના અંતર્ગત ન્યૂટ્રીશન કીટનું વિતરણ થયું હતું. અદાણી ફાઉન્ડેશન દ્વારા આગામી છ માસ સુધી આ દર્દીઓને પોષક આહારથી ભરપૂર કીટ આપવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, અદાણી ફાઉન્ડેશન, હજીરા દ્વારા આદિવાસી વિસ્તારના ટીબીના દર્દીઓ માટે ઉમર પાડા વિસ્તારમાં કામગીરી શરૂ કરવામાં આવી છે જે બદલ અભિનંદન પાઠવ્યા હતા. પૌષ્ટિક ખોરાક ખાવાથી આ રોગ જલ્દી મટાડી શકાય છે તેમ જણાવીને ટીબીના દર્દીઓને આ ન્યુટ્રીશન કીટનું સેવન કરવાનો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપવામાં આવશે.

### નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લેતા મેયર દક્ષેશભાઇ માવાણી

# ઉકાઇ ડેમમાં પાણીની આવક વધતા સુરત મહાનગરપાલિકા તંત્ર સતર્ક

### રેવાનગરના ૧૧ પરિવારોના ઘરોમાં પાણી ભરાતા ૪૮ વ્યકિતઓ તેમજ સુરક્ષાના કારણોસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧૧૦ વ્યકિતઓને સલામત સ્થળે સ્થળાંતરિત કરાયા



। સુરત, તા.૧૯ ।

હાલમાં વરસાદની પરિસ્થિતિ અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ઉકાઇ ડેમમાં પાણીની આવક વધતા તાપી નદીમાં ઉકાઇ ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે, ત્યારે શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થતા આજ રોજ મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, ડે. મેયર ડો.નરેશ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, શાસકપક્ષ નેતા શશીકલાબેન ત્રિપાઠી, દંડક શ્રી ધર્મેશ વાણિયાવાળા અને સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓ રાંદેર ઝોન વિસ્તારના હનુમાન ટેકરી, રેવા નગર, અડાજણ ખાતે અને સેન્ટ્રલ ઝોન વિસ્તારના ધાસ્તીપુરા સ્થિત ફલડગેટની સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. વધુમાં ઉકાઇ ડેમમાંથી ગઈકાલે ૨.૮૯ લાખ કયુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવતા રેવાનગર ખાતે ભરાયેલા પાણીની સમસ્યા અંતર્ગત સ્થાનિકોની પરિસ્થિતી અંગે જાતમાહિતી મેળવી હતી.

ઉકાઇ ડેમમાંથી ગઈકાલથી તાપી નદીમાં છોડવામાં આવેલ પાણીના કારણે તાપી નદી બંને કાંઠે વહેતી થઈ છે, જેથી સાવચેતીના ભાગરૂપે શહેરમાં પાણી ન પ્રવેશે તે માટે સેન્ટ્રલ ઝોન અને રાંદેર ઝોન વિસ્તારના કુલ ૫ ફલડ ગેટ બંધ કરવામાં આવ્યા છે. તાપી નદી કિનારેથી નીચાણવાળા વિસ્તારોના સ્થાનિક રહીશોને સલામતીપૂર્વક સ્થળાંતર કરાવાયુ છે. જે પૈકી રેવાનગરમાં રહેતા ૧૧ પરિવારોના ઘરોમાં પાણી ભરાતા ૪૮ વ્યકિતઓ તેમજ સુરક્ષાના કારણોસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧૧૦ વ્યકિતઓને સલામત સ્થળે સ્થળાંતરિત કરાયા છે.

ઉકાઇ ડેમમાંથી છોડવામાં આવેલા પાણી તથા ફલડ ગેટનું મનપા તંત્ર દ્વારા સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. મનપાની ટીમ મારફત નીચાણવાળા વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકોને ફુડપેકેટ, પીવાના પાણી અને આરોગ્ય સુવિધા સહિતની જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. તાપી નદીમાં પાણીનો પ્રવાહ વધારે હોય ત્યારે તાપી નદી કિનારાના વિસ્તારોમાં અવર-જવર ટાળવા તંત્ર દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા લગ્નજીવનમાં આજનો દિવસ વિશિષ્ટ છે, આજે તમને કશુંક ખરેખર અસાધારણ અનુભવવા મળશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. પૈસા ની અછત આજે ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપ તા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમે આજે આ સમજી શકશો, પરંતુ હજી પણ તમે તમારા પરિવાર ના સભ્યો ને પૂરતો સમય આપી શકશો નહીં.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો?

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો. તેને બિરદાવવામાં ઉદારતા અને નિષ્ઠા દાખવો. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમને અને તમારા જીવનસાથીને પ્રેમ કરવાનો ખાસ્સો સમય મળી રહ્યો હોવાનું જણાય છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. આમ કરવા થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. આજે તમને તમારી જીવનસંગિની સાથે વીતાવવા માટે પૂરતો સંમય મળશે, પણ સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો. સંબંધીઓને કારણે તમારી વચ્ચે તકરાર થવાની શક્યતા છે.

### અનંતનાગમાં એકાઉન્ટરમાં સેનાને મોટી સફળતા

## અનંતનાગમાં સેના સાથેની અથડામણમાં આતંકી ઉઝૈર ઠાર



। અનંતનાગ,તા.૧૯ ।

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ચાલી રહેલા એક્કાઉન્ટરમાં સેનાને મોટી સફળતા મળી છે. સેનાએ લશ્કર-એ-તૈયબાનો આતંકી ઉઝૈર ખાનને ઠાર કર્યો છે. કાશ્મીરના એડીજીપી વિજય કુમારે જણાવ્યું કે, અનંતનાગમાં આતંકવાદી ઉઝૈર માર્યો ગયો છે. એક મૃતદેહને શોધવામાં આવી રહ્યો છે જે આતંકવાદીનો હોઈ શકે છે. સર્ચ ઓપરેશન ચાલુ જ રહેશે કારણ કે, અહીં હથિયારો મળી આવ્યા છે. આ ઓપરેશનમાં ચાર જવાનો પણ શહીદ થયા છે.

હાલમાં અનંતનાગમાં ચાલી રહેલું એક્કાઉન્ટર પુરુ થઈ ગયું છે. આવી સ્થિતિમાં હવે સેનાએ પોતાનું ફોકસ સર્ચ ઓપરેશન પર લગાવી દીધું છે. તેનું કારણ એ છે કે, ત્યાંથી આતંકવાદીઓ સાથે સબંધિત કેટલીક વસ્તુઓ હોઈ શકે છે. આ ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે જ્યારે ૪ જવાનો શહીદ થયા છે. સેના હજુ ત્રીજા આતંવાદીના મૃતદેહને શોધી રહી છે. હાલમાં સેનાએ આખા વિસ્તારને કોર્ડન કરી લીધો છે. જંગલોમાં સેનાના જવાનો આતંકવાદીઓના સામાનની તલાશી કરી રહ્યા છે.

એડીજીપી વિજય કુમારે અનંતનાગ ઓપરેશન અંગે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, હજું સર્ચ ઓપરેશન ચાલું રહેશે કારણ કે, અનેક વિસ્તાર હજું બાકી છે. અમે લોકોને અપીલ કરીએ છીએ કે, તેઓ આ વિસ્તારોમાં ન જાય. અમારી પાસે બે થી ત્રણ આતંકવાદીઓની જાણકારી હતી. તેમણે જણાવ્યું કે, શક્યતા છે કે, અમને ત્રીજો મૃતદેહ પણ મળી જાય. અને આ કારણોસર જ અમે સર્ચ ઓપરેશન ચાલુ રાખવાના છીએ.

### અનંતનાગમાં દેશના સૌથી લાંબા એક્કાઉન્ટરમાંનું એક

## અનંતનાગ એન્કાઉન્ટર સાતમા દિવસે જારી, બે આતંકી છૂપાયાની શંકા

। અનંતનાગ,તા.૧૯ ।

અનંતનાગ એક્કાઉન્ટર જેને સૌથી લાંબા એક્કાઉન્ટરમાંથી એક માનવામાં આવે છે. આ એક્કાઉન્ટર આજે સાતમાં દિવસે પણ ચાલુ છે. સુરક્ષા દળોનું માનવું છે કે, એક-બે આતંકવાદીઓ હજુ પણ છુપાયેલા છે. ગઈ કાલે એક આતંકવાદીઓ સળગી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો.

ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યો છે કારણ કે, ઘટનાસ્થળ પરથી એક અન્ય મૃતદેહ મળી આવ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ મૃતદેહ સેનાના જવાનનો હોઈ શકે છે. જેની ઓળખ પ્રદીપના રૂપમાં થઈ છે. ભારતીય સેનાના ત્રણ જવાનો અને જમ્મુ-કાશ્મીર પોલીસના એક અધિકારી સહિત મૃતકોની સંખ્યા હવે ચાર પર પહોંચી ગઈ છે. ૭માં દિવસે સેના ઓપરેશનને પૂર્ણ કરવાના ઉદેશ્ય સાથે અંતિમ પ્રયાસ કરે તેવી શક્યતા છે કારણ કે, સોમવારે સાંજે સૈનિકનો મૃતદેહ મળી આવ્યો હતો.

દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કોકરનાગમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ૧૦૦ કલાકથી વધુ ચાલેલા ભીષણ એક્કાઉન્ટર બાદ સર્ચ ઓપરેશન ચાલુ છે. આતંકવાદીઓનો ખાતમો કરવા માટેનું ઓપરેશન મંગળવારે સાતમા દિવસાં પ્રવેશ્યું છે. આ ઓપરેશન અનંતનાગના ગડોલ જંગલ વિસ્તારમાં બુધવારથી ચાલી રહ્યું છે. ઓપરેશન ત્યારે શરૂ થયું હતું જ્યારે ૧૯ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર કર્નલ મનપ્રીત સિંહ, મેજર આશિષ ધૌનચક અને જમ્મુ અને કાશ્મીર પોલીસના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ હુમાયુ ભટે પોતાનો જીવ ગુમાવ્યો હતો.



# આતંકીઓને બચાવવાની કોશિશ ન કરો, અમારો કોઈ રોલ નથી

### કેનેડાના નાગરિકની તેમની જ જમીન પર હત્યામાં કોઈ અન્ય દેશ અથવા વિદેશી સરકારની સંડોવણી સાંખી લેવામાં આવશે નહીં : જસ્ટિન ટ્રૂડો

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત અને કેનેડાના સંબંધોમાં દિવસેને દિવસે ખટાશ આવતી જાય છે. આ દરમ્યાન કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ આતંકવાદી સંગઠન ખાલિસ્તાની ટાઈગર ફોર્સના પ્રમુખ આતંકી હરદીપ સિંહ નિઝ્ઝરની હત્યાને લઈને મોટુ નિવેદન આપ્યું છે. ન્યૂઝ એજન્સી એએનઆઈએ કેનેડા સમાચાર ચેનલ સીબીસીના હવાલેથી જણાવ્યું છે કે, જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે, દેશની સુરક્ષા એજન્સીઓ ભારત સરકાર અને ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિઝ્ઝરની હત્યા વચ્ચે કનેક્શનના તપાસમાં લાગેલી છે. રાજધાની ઓટાવામાં હાઉસ ઓફ કોમન્સને સંબોધન કરતા જસ્ટિન ટ્રૂડોએ સોમવારે કહ્યું કે, કેનેડાની સુરક્ષા એજન્સીઓ ભારત સરકાર અને નિઝ્ઝરની હત્યા વચ્ચે સંભવિત કડીના આરોપથી ઝડપથી તપાસ કરી રહી છે. કેનેડાના પ્રધાનમંત્રીના આરોપ પર હવે ભારતનો જવાબ સામે આવ્યો છે. વિદેશ મંત્રાલયે એક નિવેદન જાહેર કરીને કેનેડાના તમામ આરોપ ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત કેનેડાના આરોપ રદ કરે છે. અમે તેમની સંસદમાં કેનેડાના પ્રધાનમંત્રીના નિવેદનને જોયું અને તેમના વિદેશ મંત્રીના નિવેદનને ફગાવી દીધું છે. કેનેડામાં હિંસાના કોઈ પણ કામમાં ભારત સરકારની ભાગીદારીનો આરોપ વાહિયાત અને પ્રેરિત છે. વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવાયું છે કે, અમે કાનૂનના શાસન પ્રત્યે મજબૂત કટિબદ્ધવાળા એક લોકતાંત્રિક રાજકીય દેશ છીએ. કેનેડીયન સંસદને સંબોધન કરતા ટ્રૂડોએ એ પણ કહ્યું કે, કેનેડાના નાગરિકની તેમની જ જમીન પર હત્યામાં કોઈ અન્ય દેશ અથવા વિદેશી સરકારની સંડોવણી સાંખી લેવામાં આવશે નહીં. આ અમારી સંપ્રભુતાનું ઉલ્લંઘન છે. જેને જરાં પણ સ્વીકાર કરી શકાય નહીં. ટ્રૂડોના દાવાના થોડા કલાકો બાદ કેનેડાએ વરિષ્ઠ ભારતીય રાજદ્વારીને હટાવી દીધા હતા. ન્યૂઝ એજન્સી એએનઆઈએ અલ ઝઝીરાના હવાલેથી કહ્યું કે, કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ કહ્યું કે, તેમની સરકારે હરદીપ સિંહ નિઝ્ઝરની હત્યાના મામલે એક વરિષ્ઠ ભારતીય રાજદ્વારીને હાંકી કાઢ્યા છે. ભારતમાં વોન્ટેડ નિઝ્ઝરને ૧૮ જૂનના રોજ કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના શહેર સરેમાં એક ગુરુદ્વારના પાર્કિંગની બહાર ગોળી મારી દેવામાં આવી હતી.

## ભારત પર કેનેડાના આરોપથી ઓસ્ટ્રેલિયા પણ ચિંતિત

### ઓસ્ટ્રેલિયાનું માનવું છે કે તમામ દેશોએ એક બીજાની સાર્વભૌમત્વ અને કાયદાના શાસનનું સન્માન કરવું જોઈએ

। સિડની,તા.૧૯ ।

ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાની આતંકીની હત્યાના વિવાદમાં અમેરિકા બાદ હવે ઓસ્ટ્રેલિયાની પ્રતિક્રિયા આવી છે અને કહ્યું છે કે તે કેનેડાના ભારત પરના આરોપોથી ચિંતિત છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પાછળ ભારતની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રીના પ્રવક્તાએ એક નિવેદનમાં કહ્યું છે કે આ મામલાને લઈને ચાલી રહેલી તપાસમાં જે આરોપો લગાવવામાં આવ્યા છે તેને લઈને ઓસ્ટ્રેલિયા ખુબ જ ચિંતિત છે. ઓસ્ટ્રેલિયાનું માનવું છે કે તમામ દેશોએ એક બીજાની સાર્વભૌમત્વ અને કાયદાના શાસનનું સન્માન કરવું જોઈએ. અમે આ મામલે અમારા સહયોગીયોના સંપર્કમાં છીએ. અમે ભારતના ટોચના અધિકારીઓને અમારી ચિંતા જણાવી છે. આ ઉપરાંત વધુમાં જણાવતા કહ્યું હતું કે અમે સમજીએ છીએ કે આવા રિપોટ્સ ઘણા ઓસ્ટ્રેલિયન સમુદાયો સાથે સંબંધિત છે. ઓસ્ટ્રેલિયામાં ભારતીય સમુદાય ખુબ જ મુલ્યવાન છે અને અમારા બહુસાંસ્કૃતિક સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.આ મામલે બ્રિટને પણ તેની પ્રતિક્રિયા આપી છે. બ્રિટિશ સરકારના પ્રવક્તાએ કહ્યું કે કેનેડાએ ભારત પર ગંભીર આરોપ લગાવ્યો છે ત્યારે બ્રિટન હાલ તેના કેનેડાના સહયોગી સાથે સંપર્કમાં છે. પ્રવકતાએ વધુમાં કહ્યું હતુ કે કેનેડાના અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે અને અત્યારે આ મામલે કોઈપણ ટિપ્પણી કરવી અયોગ્ય રહેશે.

## વિજય એન્ટનીની ૧૬ વર્ષની પુત્રીએ આત્મહત્યા કરી

। નવી દિલ્હી, તા.૧૯ ।

કંપોઝર, એક્ટર અને પ્રોડ્યૂસર વિજય એન્ટનીની પુત્રી મીરાનું આજે સવારે મૃત્યુ થઈ ગયું છે. વિજયની ૧૬ વર્ષની પુત્રીએ આત્મહત્યા કરી લીધી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મીરા તેના ચેન્નઈ સ્થિત આવાસ પર ફાંસી પર લટકેલી હાલતમાં મળી આવી હતી. ત્યારબાદ તેને એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ડોક્ટર્સે તેની તપાસ કર્યા બાદ તેને મૃત ઘોષિત કરી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે વિજયની પુત્રી ડિપ્રેશનમાં હતી અને તે તેનો ઈલાજ પણ કરાવી રહી હતી.

વિજય એન્ટનીની પુત્રી મીરા સવારે ૩:૦૦ વાગ્યે ચેન્નઈ સ્થિત પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. તે ૧૬ વર્ષની હતી અને ચેન્નઈની એક ફેમસ સ્કૂલમાં અભ્યાસ કરી રહી હતી. મીરા ડિપ્રેશનનો સામનો કરી રહી હતી. હાઉસ હેલ્પરે મીરાને તેના રૂમમાં ફાંસી પર લટકેલી હાલતમાં જોઈ. ત્યારબાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કરી. હાલમાં પોલીસ અધિકારીઓએ આ મામલે તપાસ હાથ ધરી છે. બીજી તરફ વિજય અને તેના પરિવારે હજુ સુધી આ દુઃખદ ઘટના વિશે કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ નથી આપ્યું.

વિજય એન્ટની એક પોપ્યુલર કંપોઝર છે જે મુખ્યરૂપે તમિલ સિનેમામાં કામ કરે છે. અનેક વર્ષો સુધી સંગીતકાર રહ્યા બાદ તેઓ નિર્માતા, અભિનેતા, ગીતકાર, સંપાદક, ઓડિયો એન્જિનિયર અને નિર્દેશક પણ બન્યા.

### અયોધ્યાની રામલીલામાં ફિલ્મી સ્ટાર્સનો જલવો

## આઠ અભિનેત્રીઓ રામલીલાના મંચ પર રામાયણના પાત્રને ભજવશે

### ગજેન્દ્ર ચૌહાણ રાજા જનક, ગિરિજા શંકર રાવણની ભૂમિકામાં

। નવી દિલ્હી, તા.૧૯ ।

અયોધ્યામાં યોજાનારી રામલીલામાં આ વખતે ફિલ્મી સ્ટાર્સનો જલવો જોવા મળશે. એવું લાગશે કે, રામલીલાનો મંચ નહીં પરંતુ રામાયણ આધારિત ધારાવાહિક જોઈ રહ્યા છો.ખાસ વાત એ છે કે, આઠ અભિનેત્રીઓ રામલીલાના મંચ પર રામાયણના પાત્રને ભજવશે અને ૨૨થી વધુ ફિલ્મી કલાકાર વિભિન્ન પાત્ર ભજવશે.તેમાં પૂનમ ઢિલ્લો (મા શબરી), ગજેન્દ્ર ચૌહાણ (રાજા જનક), રઝા મુરાદ (અહિરાવણ), રાકેશ બેદી (વિભીષણ), ગિરિજા શંકર (રાવણ), અનિલ ધવન (ઈન્દ્રદેવ), રવિ કિશન



(કેવટ), વરૂણ સાગર (હનુમાન), સુનિલ પાલ (નારદ મુનિ), રાહુલ ભુચર (શ્રી રામ), લીલી સિંહ (માતા સીતા), જિયા (કૈકેયી), ભાગ્યશ્રી (વેદમતી) સહિત અન્ય છે. આમાંથી ઘણા કલાકારો એવા છે જેમણે ગત વર્ષે પણ આ રામલીલામાં અભિનય કર્યો હતો.

આ અંગે રામલીલાના અધ્યક્ષ સુભાષ માલિક અને મહાસચિવ શુભમ મલિકે જણાવ્યું કે, આ વર્ષે રામલીલા આયોજનનો આ ચોથી વખતનું પ્રદર્શન હશે. તેમણે જણાવ્યું કે, અયોધ્યાની રામલીલા ૧૪ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબરના રોજ સાંજે ૭:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી અયોધ્યામાં રામ કથા પાર્કમાં આયોજિત કરવામાં આવશે. આ અવસર પર બોલીવુડ અભિનેતા રાહુલ ભૂચરે કહ્યું કે, તેમને એ વાતની વિશેષ ખુશી છે કે, તેઓ અયોધ્યાની રામલીલામાં ભગવાન શ્રી રામની ભૂમિકા ભજવી રહ્યા છે.

## વિશેષ

### ચોર્યાસી તાલુકાના મોરા ગામે પોષણ માસની ઉત્સાહભેર ઉજવણી

# શાકભાજી, ફ્રુટ, શ્રી અન્ન (મિલેટ્સ)માંથી મળતા પોષક તત્વો, તેના ગુણધર્મોથી થતા ફાયદાની સમજ અપાઈ

રાજ્ય સરકાર દ્વારા પોષણ માસની ઉજવણી અંતર્ગત ચોર્યાસી તાલુકાના સુંવાલી સેજાના મોરા ગામ ખાતે આઈ.સી.ડી.એસ. ઘટક-ચોર્યાસી દ્વારા AM/NS કંપનીના સહયોગથી પોષણ માસ નિમિતે ''પોષણ કીટ વિતરણ'' અને ટેક હોમ રાશન (T.H.R) માંથી બનાવેલ વિવિધ વાનગી સ્પર્ધાનું આયોજન તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

ચોર્યાસી તાલુકા પંચાયતના સભ્યો, AM/NS ઈન્ડિયા કંપનીના કિરણસિંહ સિંધા, લીડ સી.એસ.આર. તથા આઈ.સી.ડી.એસ શાખાના સી.ડી.પી.ઓ.શ્રી, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર, સગર્ભા, ધાત્રી માતાઓ અને ૨ વર્ષ સુધીના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. ટેક હોમ રાશન (THR) પેકેટ્સનો નિયમિત ઉપયોગ કરે છે કે કેમ? એ જાણી એમાંથી બનતી વાનગી અને ટેક હોમ રાશનના મહત્વની સમજ અપાઈ હતી. આ બાબતે ચોર્યાસી તાલુકાના લાભાર્થીઓમાં ખુબ જાગૃતિ સાથે હકારાત્મક પ્રતિભાવો જોવા મળ્યા હતા. આ ઉપરાંત આઈ.સી.ડી.એસની અન્ય યોજના જેવી કે, બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસનું મહત્વ, સ્તનપાનની સાચી રીત, ૬ માસ સુધી ફક્ત સ્તનપાન અને ૭ માસથી ૨ વર્ષનું બાળક થાય ત્યારે સ્તનપાન સાથે ઉપરી આહારની સમજ, બાળકની માતા તથા ઘરની સ્વચ્છતા, બાળકનું સંપુર્ણ રસીકરણ તેમજ કિશોરીઓને સ્વબચાવ અંગેની સમજ જેવા વિષયોની આવરી લેવામાં આવ્યા હતા. સાથોસાથ, શાકભાજી, ફ્રુટ, શ્રી અન્ન (મિલેટ્સ) માંથી મળતા પોષણ તત્વો અને તેના ગુણધર્મોથી થતા ફાયદાની સમજ આપવામાં આવી હતી.

આમ, માતા અને બાળકોના સ્વાસ્થ્યને લગતી દરેક બાબતોને આવરી લેતા કાર્યક્રમમાં તાલુકા કક્ષાએ ''પોષણ માસ'' ની થીમ મુજબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.







## ન્યૂઝ બ્રિફ

### નસવાડીની એક ફરસાણની દુકાનમાં ભજીયામાંથી વંદો નીકળ્યો

। છોટાઉદેપુર, તા.૧૯ ।

ગરમા ગરમ ભજીયુ મોઢામાં મુક્યા બાદ અજીબોગરીબ સ્વાદ આવે અને પછી તમને ખબર પડે કે ભજીયામાં વંદો હતો તો? કંઈક આવી જ ઘટના છોટાઉદેપુરમાં પ્રકાશમાં આવી છે. નસવાડીની એક ફરસાણની દુકાનમાં ભજીયામાં વંદો નીકળ્યો હતો. ભજીયામાં વંદો નીકળતા યુવકે હોટેલમાં હોબાળો મચાવ્યો હતો.નસવાડીની ભવાની ફરસાણ માર્ટમાં ભજીયામાંથી વંદો નીકળ્યાની ઘટના સામે આવી છે. ફરિયાદી યુવકનો આરોપ છે કે નાસ્તાના ઓર્ડર બાદ ભજીયામાં જીવડા જેવી વસ્તુ દેખાઈ હતી. ભજીયુ તોડીને જ્યારે જોયું તો તેમાં મરેલો વંદો હતો. નાસ્તામાં વંદો નીકળતા જ યુવકે હોટલમાં હોબાળો મચાવ્યો અને હોટલ માલિકને ફરિયાદ કરી. યુવકનો આરોપ છે કે હોટલ માલિકે કર્મચારીની ભૂલ ગણાવીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો.

### કોઝવે પર પાણી ફરી વળ્યા, દર્દીને ખાટલા મારફતે ૧૦૮ સુધી પહોંચાડ્યા

। અરવલ્લી, તા.૧૯ ।

અરવલ્લી જિલ્લાના અણદાપુર અને માથાસુલીયા ગામ વચ્ચે આવેલા કોઝવે પર થી પાણી ફરી વળવાને લઈ સ્થાનિકોને વાહન વ્યવહારને હાલાકી ભોગવવી પડી રહી છે. આ દરમિયાન એક વૃદ્ધની તબીયત લથડતા તેમને સારવાર માટે તાત્કાલીક હોસ્પિટલ લઈ જવાની જરુરિયાત સર્જાઈ હતી. જેને લઈ ૧૦૮ને તો કોલ કરવામાં આવ્યો હતો. પરંતુ કોઝવે પાસે આવીને ગાડી ઉભી રહી ગઈ હતી. બિમાર વૃદ્ધને લેવા આવેલી ૧૦૮ ની એમ્બ્યુલન્સ વાનને માટે કોઝવે પસાર કરવો મુશ્કેલ હતો. અરવલ્લી જિલ્લાના અણદાપુર અને માથાસુલીયા ગામ વચ્ચે આવેલા કોઝવે પર થી પાણી ફરી વળવાને લઈ સ્થાનિકોને વાહન વ્યવહારને હાલાકી ભોગવવી પડી રહી છે.

### સાબરમતી નદીમાં નવા નીરની આવક થઈ, ધરોઈના ચાર દરવાજા ૫ ફુટ ખોલાયા

। અમદાવાદ, તા.૧૯ ।

ધરોઈ ડેમને લઈને સારા સમાચાર છે કે, ડેમ ૯૨.૭૯ ટકા ભરાઈ ચૂક્યો છે. ધરોઈ ડેમ મહત્તમ સપાટી નજીક પહોંચવાને લઈ હવે મોટી રાહત સર્જાઈ છે. ધરોઈ ડેમમાં પાણીની આવક મધ્યરાત્રી દરમિયાનથી નોંધપાત્ર થઈ હતી. જેને લઈ ધરોઈ ડેમમાં પાણીની આવક ૨૮ હજાર ક્યુસેક કરતા વધારે નોંધાઈ હતી. આવક વધવાને લઈ ધરોઈ ડેમમાંથી સાબરમતી નદીમાં એટલુ જ પાણી દિવસ દરમિયાન છોડવામાં આવ્યુ હતુ. આમ સાબરમતી નદીમાં ૨૮ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ. ધરોઈ ડેમને લઈને સારા સમાચાર છે કે, ડેમ ૯૨.૭૯ ટકા ભરાઈ ચૂક્યો છે. ધરોઈ ડેમ મહત્તમ સપાટી નજીક પહોંચવાને લઈ હવે મોટી રાહત સર્જાઈ છે. ધરોઈ ડેમમાં પાણીની આવક મધ્યરાત્રી દરમિયાનથી નોંધપાત્ર થઈ હતી. જેને લઈ ધરોઈ ડેમમાં પાણીની આવક ૨૮ હજાર ક્યુસેક કરતા વધારે નોંધાઈ હતી. આવક વધવાને લઈ ધરોઈ ડેમમાંથી સાબરમતી નદીમાં એટલુ જ પાણી દિવસ દરમિયાન છોડવામાં આવ્યુ હતુ. આમ સાબરમતી નદીમાં ૨૮ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ.



ગણેશચતુર્થીના દિવસે સહજાનંદ ચાર રસ્તા પાસે ગણપતિની સ્થાપના કરી.

### ગણેશ મહોત્સવ દરમિયાન એક કરૂણાંતિકા બની

# સુરતમાં શોભાયાત્રામાં નાચતા ભક્તો પર ટેમ્પો ફરી વળ્યો

### ટેમ્પોની આગળ જ ડીજેના તાલે ભક્તો નાચી રહ્યા હતા, આ બેકાબુ ટેમ્પો ભક્તો પર ફરી વળતા ભયાવહ દ્રશ્યો સર્જાયા

। સુરત, તા.૧૯ ।

સુરતમાં ગણેશ મહોત્સવ દરમિયાન એક કરૂણાંતિકા બની છે. પલસાણામાં ગણેશજીની પ્રતિમાને સ્થાપના માટે પંડાલ સુધી લઈ જવા શોભાયાત્રા એક નીકળી હતી. આ શોભાયાત્રા દરમિયાન ભકતો પર ટેમ્પો ફરી વળ્યો હતો. આ અકસ્માતમાં એક યુવતીનું કરુણ મૃત્યુ થયું છે. હાલ શોભાયાત્રામાં અકસ્માતનો live વીડિયો સામે આવ્યો છે. જેમાં ડી.જે ની પાછળ નાચી રહેલા લોકો પર ટેમ્પા ફરી વળે છે. જાણવા મળી રહ્યું છે કે ગણપતિની મૂર્તિ મુકેલ ટેમ્પાના ચાલકે કાબુ ગુમાવ્યો હતો. કાબુ ગુમાવતા ડી.જે પાછળ નાચી રહેલા લોકોને કચડાયા હતા. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, પલસાણાના પાડા ફળિયાના રહીશો ગણેશ પંડાલ માટે ગણેશજીની પ્રતિમા લેવા ગયા હતા. ગણેશજીની પ્રતિમાને લઈને પરત ફરતી વખતે ગણેશજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

સમગ્ર શોભાયાત્રામાં ડીજેના તાલે ભક્તો નાચવામાં વ્યસ્ત હતા. આ શોભાયાત્રા પઠાણ પાર્ક પાસે પહોંચી ત્યારે દુર્ઘટના થઈ હતી. ટેમ્પોના ચાલકે સ્ટીયરિંગ પર કાબુ ગુમાવી દીધો હતો. ટેમ્પોની આગળ જ ડીજેના તાલે ભક્તો નાચી રહ્યા હતા. આ બેકાબુ ટેમ્પો ભક્તો પર ફરી વળતા ભયાવહ દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર વાતાવરણ ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યું હતું. આ ગમખ્યવાર અકસ્માતમાં એક યુવતીનું કરૂણ મૃત્યુ થયું હતું.

### અમદાવાદીઓ આનંદો

## ગણેશ ચતુર્થી પર લોન્ચ થયું Jio Air Fiber, ૮ શહેરોમાં અમદાવાદનો સમાવેશ

। અમદાવાદ, તા.૧૯ ।

રિલાયન્સ જિયોએ આજે ૧૯મી સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે તેની એર ફાઈબર સેવા શરૂ કરી છે. હાલમાં આ સેવા અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ અને પુણે - ૮ શહેરોમાં ઉપલબ્ધ રહેશે. એર ફાઈબર માટે ૧૦૦૦ રૂપિયા ઈન્સ્ટોલેશન ચાર્જ ચૂકવવો પડશે. તમે તેને ૧૦૦ રૂપિયામાં બુક કરાવી શકો છો. આ રકમ બિલમાં એડજસ્ટ કરવામાં આવશે. એર ફાઈબર બુક કરવા માટે તમારે Jio ની ઓફિશિયલ વેબસાઈટ પર જવું પડશે. કનેક્શનની સાથે, તમને નવીનતમ Wi-Fi રાઉટર, ટીવી માટે 4K સેટ ટોપ બોક્સ અને વૉઈસ એક્ટિવેટેડ રિમોટ મળશે. તમામ પ્લાન ૬ અને ૧૨ મહિનાના વિકલ્પોમાં ઉપલબ્ધ છે. જો તમે ૧૨ મહિનાનો પ્લાન લો છો તો તમારે ૧૦૦૦ રૂપિયાનો ઈન્સ્ટોલેશન ચાર્જ ચૂકવવો પડશે નહીં. એર ફાઈબરની વિશેષતા તેની પોર્ટેબિલિટી છે. વપરાશકર્તાઓ તેને કોઈપણ સ્થાન પર લઈ જઈ શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે. જોકે 5G કનેક્ટિવિટી હોવી જોઈએ. રિલાયન્સ જિયોના જણાવ્યા અનુસાર, તેમનું એર ફાઈબર સફરમાં હોય ત્યારે બ્રોડબેન્ડ જેવી સ્પીડ પ્રદાન કરવામાં સક્ષમ છે.

### ૨૦૦થી વધુ લોકોને ખસેડાયા સલામત સ્થળે

# સંતરામપુરના ખેડાપા ગામે ૮ લોકોનું પોલીસે કર્યુ રેસ્ક્યુ

### મહીસાગર જિલ્લા પોલીસ વરસાદમાં લોકો માટે દેવદૂત બની, અનેક જગ્યાએ લોકોનું રેસ્ક્યૂ કરી બચાવ્યા જીવ



। સંતરામપુર, તા.૧૯ ।

ગુજરાતમાં ગત શનિવારથી વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજા બઘડાટી બોલાવી રહ્યા છે. તો બીજી તરફ હજુ પણ બેથી ત્રણ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે સરકારી અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. મહીસાગર જિલ્લામાં ૨૧ તારીખસુધી ભારે વરસાદની આગાહીને લઈને અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા માટેની સૂચના આપવામાં આવી છે. મહીસાગર જિલ્લામાં શનિવારે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો, જે બાદ રવિવારની સવારથી જ જાણે આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જિલ્લામાં મેઘરાજાની એન્ટ્રી થતાં વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશી છવાઈ હતી. પરંતુ બીજી તરફ આ વરસાદ કેટલાય લોકો, પરિવારો માટે આફત લઈને ઉતર્યો હતો ત્યારે આવા આફતના સમયે મહીસાગર પોલીસે પોતાના જીવની પરવા કર્યા વગર લોકોને મદદ કરી હતી. મહીસાગર જિલ્લા પોલીસ પાણીમાં ફસાયેલા લોકો માટે બની દેવદૂત બની હતી. પોલીસે નદીકાંઠે રહેતા લોકોનો રેસ્ક્યૂ કરી જીવ બચાવ્યા હતા. રાજસ્થાનના સરહદી વિસ્તારમાં પાણી ભરાતાં પોલીસે બચાવ કામગીરી



હાથ ધરી હતી. સંતરામપુરના ખેડાપા ગામે ૮ લોકોનું પોલીસે રેસ્ક્યૂ કર્યું હતું. રાજસ્થાનમાંથી તણાઈને ખેડેપા બેટમાં ફસાયેલા લોકોનું પોલીસ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. તો મહીસાગર પોલીસ દ્વારા ૨૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. ભારે જહેમત બાદ પાણી ઓસરતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ભારે વરસાદ વચ્ચે પોલીસ જિલ્લાના પોલીસ વડા જયદીપસિંહ જાડેજા સતત ખડેપગે રહીને લોકોને મદદરૂપ બન્યા હતા, જિલ્લા પોલીસ વડા સતત પોલીસના સંપર્કમાં રહી જ્યાંથી કોલ આવે અથવા જ્યાંથી કોઈ ઘટનાની માહિતી મળે ત્યાં તુરંત પોલીસની ટીમ મોકલી આપતા હતા. પાણીમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા હતા. પોલીસે સ્થળાંતર કરેલ લોકોને ભોજન, ફૂડપેકેટ વિતરણ કર્યા હતા, સાથે જ તમામ પ્રકારની મદદ પૂરી પાડી હતી.

## મહિસાગરના પૂરમાં શાકભાજીના ખેતરોમાં વ્યાપક નુકશાન

। આણંદ, તા.૧૯ ।

આણંદ જિલ્લામાં મહિસાગર નદીના પાણી ખેતર વિસ્તારમાં ફરી વળવાને લઈ પાકમાં મોટા પ્રમાણમાં નુક્શાનની ભીતી વર્તાઈ છે. મહિસાગર નદીના પૂરના પાણી સ્થાનિક ખેતરોમાં ફરી વળ્યા હતા. બીજી તરફ વરસાદ પણ વધારે હોવાને લઈ શાકભાજીના પાકમાં મોટુ નુકશાન થવાની ભીતી છે. જગતનો તાત ફરી લાચાર બન્યો છે. પહેલા વરસાદ ખેંચાવાને લઈ ચિંતા ધરતીપુત્રોને ચિંતા સતાવી રહી હતી, હવે પૂરના પાણી ફરી વળવાને લઈ ખેડૂતોની ચિંતા વધી ચુકી છે. આણંદ જિલ્લામાં મહિસાગર નદીના પાણી ખેતર વિસ્તારમાં ફરી વળવાને લઈ પાકમાં મોટા પ્રમાણમાં નુક્શાનની ભીતી વર્તાઈ છે. મહિસાગર નદીના પૂરના પાણી સ્થાનિક ખેતરોમાં ફરી વળ્યા હતા. બીજી તરફ વરસાદ પણ વધારે હોવાને લઈ શાકભાજીના પાકમાં મોટુ નુક્શાન થવાની ભીતી છે. એકાએક જ પાણી પૂરના આવી પહોંચતા ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા. આંકલવ વિસ્તારના સ્થાનિક ખેડૂતો હવે પાકમાં નુક્શાનને લઈ હવે ખેતી પાકમાં વળતર મળે એવી માંગ કરી છે.

## નદીની સપાટી ઘટી, ભરૂચમાં પૂરના પાણી ઓસરી રહ્યા છે

। ભરૂચ, તા.૧૯ ।

નર્મદા કાંઠાના લોકો માટે મંગળવારની સવાર રાહતના સમાચાર લઈને આવી છે. ઉપરવાસથી પાણીની આવક ઘટતા સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં ઘટાડો થયો છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, ગોલ્ડનબ્રિજે સવારે ૭ વાગે જળસ્તર નીચે ઉતરી ૨૭.૯૭ ફૂટે આવી પહોંચ્યું છે. નર્મદા ડેમની સપાટી ૧૩૮.૬૩ મીટર પર પહોંચી છે. નર્મદા ડેમમાંથી નદીમાં છોડાતું હવે ઘટાડી દેવાયું છે. હાલ ડેમમાંથી ૧ લાખ ૫૮ હજાર ૩૫૨ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. છેલ્લાં ૨૫ કલાકમાં નદીમાં પુરના પાણી ૧૩ ફૂટ ઘટયા છે. પરંતુ હજી ભરૂચમાં નર્મદા નદી ડેન્જર લેવલથી ૩.૯૭ ફૂટ ઉપર વહી રહી છે.

બીજી તરફ, રાજ્યના ૨૮ જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. સારા વરસાદથી મધ્ય ગુજરાતના જળાશયોમાં નવા નીર આવ્યા છે. સરદાર સરોવર ડેમ ૧૦૦ ટકા પાણીથી ભરાઈ ગયો છે. ડેમ ભરાઈ જતાં ખેડૂતો અને લોકોની સમસ્યા દૂર થઈ છે. મધ્ય ગુજરાતમાં મેઘરાજાની મહેરથી નદી-નાળા છલકાઈ ગયા છે.

# હજી ત્રણ દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

### કચ્છ, પાટણ, મોરબીમાં અતિભારે વરસાદની આગાહી છે : બનાસકાંઠા, આણંદ, ભરૂચમાં વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૧૯ ।

લાંબા વિરામ બાદ મેઘરાજાએ રોદ્ર રૂપ સાથે રિ-એન્ટ્રી કરી લીધી છે. જેમાં મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક ભાગેમાં મેઘરાજા ધમધોકાર વરસ્યા છે. ત્યારે ભરૂચ જિલ્લાને તો જાણે મેઘરાજાએ ધમરોળી નાંખ્યુ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૪૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ જૂનાગઢના વિસાવદરમાં ૧૨ ઈંચ વરસાદ વરસ્યો છે. આગાહીની વાત કરીએ તો, ગુજરાતમાં હજી વરસાદી રાઉન્ડ બાકી છે. ગુજરાતમાં હજુ પણ ૨ દિવસ ભારે વરસાદની આગાહી છે. કચ્છ, પ ટણ, મોરબીમાં અતિભારે વરસાદની આગાહી છે. તો બનાસકાંઠા, આણંદ, ભરૂચમાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત સુરત, ભાવનગર, જૂનાગઢમાં ભારે વરસાદની આગાહી છે. પોરબંદર અને દેવભૂમિ દ્વારકામાં ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં સીઝનનો અત્યાર સુધીમાં ૧૦૨ ટકા વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં મેઘરાજા હજુ થોભવાના નથી. હજી બે દિવસ સૌરાષ્ટ્રથી લઈને ઉત્તર ગુજરાત સુધી વરસાદની આગાહી છે. જો કે ૨ દિવસ બાદ વરસાદનું જોર ઘટવાની સંભાવના છે.



આજથી ત્રણ દિવસ ગુજરાતના આટલા જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ૨૦ સપ્ટેમ્બરે મહેસાણા, ગાંધીનગર, મોરબી અને સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની આગાહી. જ્યારે કચ્છ, પાટણ અને બનાસકાંઠામાં અતિ ભારે વરસાદની આગાહી છે. ૨૧ સપ્ટેમ્બરે કચ્છમાં અતિભારે વરસાદની આગાહી છે. દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેને અડીને આવેલા મધ્યપ્રદેશ પર વેલમાર્ક લો પ્રેશર સર્જાયું છે, જ્યારે બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ ઠેર-ઠેર તોફાની બેટિંગ કરી છે. ત્યારે આજે પણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૪૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ જૂનાગઢના વિસાવદરમાં ૧૨ ઈંચ વરસાદ વરસ્યો છે. જૂનાગઢના મેદરડા અને પાટણના રાધનપુરમાં આઠ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. મહેસાણાના બેચરાજી અને બનાસકાંઠાના ભાભરમાં ૭ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. મહેસાણાના મહેસાણા સિટીમાં ૬.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

# વરસાદની આફત વચ્ચે દ.ગુજરાતમાં ૨.૭ની તીવ્રતાનો ભૂકંપ થયો

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં ભારે વરસાદને કારણે નદીઓ ગાંડીતુર બનતાં અનેક વિસ્તારોમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના નર્મદા, ભરૂચ, વડોદરા, દાહોદ, પંચમહાલ અને આણંદ જિલ્લામાં ભારે વરસાદથી પ્રભાવિત નિચાણવાળા વિસ્તારમાંથી કુલ ૧૨,૪૪૪ લોકોને કાઢવામાં આવ્યા છે. તેમજ પાણીમાં ફસાયેલા ૬૧૭ લોકોને રેસ્ક્યૂ કરાયા છે. છેલ્લા ત્રણેક દિવસમાં રાજ્યમાં ૧૨૬ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. રાજ્યના પુર પ્રભાવિત વિસ્તારોમાં શાળા કોલેજોમાં રજા આપી દેવામાં આવી છે. આવી સ્થિતિ વચ્ચે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકાનો અનુભવ થયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉકાઈથી ૫૧ કિ.મી દૂર હોવાનું જાણવા મળ્યું છે. વરસાદની આફત વચ્ચે ભૂકંપના આંચકા આવતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૮ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. સૌથી વધુ જૂનાગઢના વિસાવદરમાં ૧૨ ઈંચ અને મેંદરડામાં આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. તે ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ અનેક વિસ્તારોમાં એકથી બે ઈંચ જેટલો વરસાદ થયો છે.રાજ્યમાં ૨૦૭ ડેમ ૯૩ ટકા ભરાયા છે. રાજ્યના ૯૦ જળાશયોને હાઈએલર્ટ પર મુકાયા છે. જ્યારે ૧૧૧ જળાશયોમાં ૭૦થી ૧૦૦ ટકા પાણીનો સંગ્રહ, ૩૦ જળાશયોમાં ૫૦થી ૭૦ ટકા જળસંગ્રહ, ૨૩ જળાશયોમાં ૨૫થી ૫૦ ટકા જળસંગ્રહ અનેફક્ત ૧૪ જળાશયોમાં ૨૫ ટકા કરતા ઓછો જળસંગ્રહ થયો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN Channel Nine Network Gujarat
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨